સુવિચાર

આક્રમણ કરવાવાળા શત્રુથી ન ડરો પણ જે તમારી ખુશામત કરે છે તેવા મિત્રથી કરો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




શહેરની ભાગોળે ઝૂંપડપટ્ટીમાં માતાજીના માંડવામાં ૬ પશુઓની બલી P-4

Year-16, Issue-189 ■ DATE : 24-11-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## અમદાવાદમાં ચંડોળા બાદ ઈસનપુરમાં સૌથી મોટું મેગા ડિમોલિશન



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદમાં ચંડોળા તળાવ બાદ હવે બીજું સૌથી મોટું મેગા ડિમોલિશન શહેરના પૂર્વ વિસ્તારના ઈસનપુર તળાવમાં શરૂ કરવામાં આવ્યું છે. ઈસનપુર તળાવમાં છેલ્લા અનેક વર્ષોથી થયેલા દબાણોને દૂર કરવા માટેની કાર્યવાહી સોમવારે સવારથી શરૂ કરવામાં આવી છે. આ દરમિયાન કોઈ અનિશ્ચિત ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, ચંડોળા તળાવની જેમ ઈસનપુર તળાવમાં પણ ૧૦૦૦થી વધુ લોકો દબાણ કરીને ત્યાં ગેરકાયદે રહે છે. દ્વારા ચંડોળા બાદ હવે ઈસનપુર તળાવના દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે માટે ૫૦૦ જેટલા મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારી અને મજૂરોને કામે લગાડવામાં આવ્યા છે. દબાણ દૂર કરવા માટે ૨૦ જેટલા જેસીબી મશીન સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યું છે.

ડિમોલિશનની કાર્યવાહી પહેલા લોકો પોતાનો સામાન ખાલી કરી શક્યા નહતા. એવામાં બુલડોઝર એક્શનથી ત્યાં રહેતા લોકોને જેટલો સામાન મળ્યો તેટલો બચાવવાનો પ્રયાસ કર્યો. હાલ, લોકો પોતાનો સામાન નજીકમાં સ્થિત સ્મશાનમાં મૂકવા મજબૂર બન્યા છે.

મળતી માહિતી અનુસાર સરકાર અને એએમસી દ્વારા હાલમાં તળાવોના બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે તળાવો પર દાયકાઓથી બાંધવામાં આવેલા દબાણોને પણ દૂર કરવા પડી રહ્યા છે. અગાઉ ચંડોળામાં હજારો ગેરકાયદે દબાણો દૂર કરાયા હતા તેના બાદ આજે ઈસનપુરમાં લગભગ ચાર દાયકાથી તળાવ નજીક બાંધવામાં આવેલા દબાણો પર બુલડોઝરવાળી કરવામાં આવી છે. ૫૦૦થી વધુ એએમસીના કર્મચારીઓ અને શ્રમિકોની ટોળી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે કામગીરી કરી રહી છે.

## વિશ્વમાં શાંતિની સ્થાપના ગીતાના માધ્યમથી જ શક્યઃ ભાગવત

### ધર્મરક્ષા માટે લડવું પડશેઃ ભારત સમગ્ર દુનિયાનું વિશ્વગુરુ હતુંઃ સંઘ સામાજીક સહયોગથી ચાલતું સંગઠન તેમા કોઇ વિદેશી ફંડીગ આવતું નથી



**મુખ્ય સમાચાર, લખનઉ**

ઉત્તરપ્રદેશના લખનઉમાં દિવ્ય ગીતા પ્રેરણા ઉત્સવમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે ધર્મરક્ષા માટે લડવાનું આહ્વાન કર્યું હતું. સંઘવડાએ કહ્યું કે આપણું ભારત સમગ્ર દુનિયાનું વિશ્વગુરૂ હતું.

સમગ્ર વિશ્વ માટે સહારો હતો. એક સમયે ચક્રવર્તીય સમ્રાટ પણ હતા. હજારો વર્ષો સુધી આક્રમણખોરોએ ત્રાટકીને ધાર્મિકસ્થાનો નષ્ટ કર્યા હતા. મોટાપાયે બળજબરીપૂર્વક ધર્માંતરણ કરાવ્યું હતુ છતાં તે વખતે પણ ભારત જ હતું.

ભલે ઐતિહાસિક વૈભવના દિવસો રહ્યા નથી છતાં આક્રમણનો સમય પણ વિતિ ગયો છે. હવે આપણે રામ મંદિર પર ધ્વજ ફરકાવવાના છીએ. આપણે ધર્મરક્ષા માટે લડવાનું છે. વિશ્વમાં શાંતિની સ્થાપના, ગીતાના માધ્યમથી જ શક્ય છે.

આ કાર્યક્રમમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે સંઘની કામગીરી વિશે વિદેશી નેતાઓ-રાજદ્વારીઓ સવાલ પૂછતા હોય છે. જ્યારે તેઓને સ્પષ્ટ રીતે કહું છું કે સંઘ સામાજિક સહયોગથી ચાલતું સંગઠન છે તેમાં કોઈ વિદેશી ફન્ડિંગ આવતું નથી.

તેઓએ કહ્યું કે કોઈપણ જાતની લાલચમાં આવીને ધર્માંતરણ ન કરવું જોઈએ તે મહાપાપ છે. સમગ્ર ભારતને ધર્મક્ષેત્ર માનીએ છીએ એટલે યુધ્ધનું મેદાન પણ ભારત માટે ધર્મક્ષેત્ર છે. ધર્મક્ષેત્રમાં લડાતું યુધ્ધ કર્તબોનું હોય છે.

સંઘે ૧૦૦ વર્ષમાં કયારેય સોદાબાજી નથી કરી પરંતુ કેટલાક લોકોએ દેશ-વિદેશમાં સેવાના નામે સોદાબાજી કરી છે. સંત જ્ઞાનાનંદની સંસ્થા 'જીઓ ગીતા પરિવાર' દ્વારા આ કાર્યક્રમ યોજાયો હતો. દરેક વ્યક્તિ ભગવદ્? ગીતા વાંચે જ નહીં પણ તેને સમજે અને જીવનમાં ઉતારે તેવા ઉદ્દેશ સાથે સંસ્થા કાર્યરત છે.

મોહન ભાગવતે પ્રવચનમાં રાજા જન્કની વાત ટાંકીને પરિસ્થિતિ બદલાતી રહે છે છતાં આપણે અડગ હોવાનું સ્પષ્ટ કર્યું હતું. પુરૂષાર્થ મજબૂત હોય માટે ભાગ્ય પણ સાથ આપે છે. ગીતાનો માર્ગ અપનાવીને જ ભારત વિશ્વગુરૂ બની શકે છે.

ભારતની પરંપરામાં ધર્મની સાથે શાંતિની પણ વ્યવસ્થા છે. ગીતામાં સમસતાથી ભાગવાન, બદલે તેનો સામનો કે આની પ્રેરણા આપે છે. ધર્મના આધારે સફળતા નિશ્ચિત છે. રાષ્ટ્રસેવા જ કર્તવ્ય છે.

### Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૫.૧૮/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૬૮/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |

| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૨૫,૧૮૦ | ₹૧,૬૩,૦૦૦ |
| | -૭૧૦ | -૧૦૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૧૭ | ₹૧૧૬.૮૦ |

## દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રનું નિધન



### ૮૯ વર્ષીય એક્ટરને શ્વાસ લેવામાં તકલીફ થતા ૩૧ ઓકટોબરે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતાઃ હેમા માલિની-ઈશા-અમિતાભ-આમિર ખાન સહિતના કલાકારો સ્મશાનગૃહ પહોંચ્યા

**મુખ્ય સમાચાર, મુંબઈ**

દિગ્ગજ એક્ટર ધર્મેન્દ્રનું નિધન થયું છે. ઘણા દિવસોથી ઘર પર જ તેમની સારવાર ચાલી રહી હતી. આ દરમિયામન પરિવાર વચ્ચે દેઓલ હાઉસમાં એક્ટરે અંતિમ શ્વાસ લીધા છે. હાલ સ્મશાનગૃહનો ગેટ બંધ કરી દેવામાં આવ્યો છે.

૮૯ વર્ષીય એક્ટરને શ્વાસ લેવામાં તકલીફ થતાં ૩૧ ઓક્ટોબરે રાત્રે મુંબઈની બ્રીચ કેન્ડી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૨ નવેમ્બરે તેમને રજા આપવામાં આવી તે પહેલાં તેમણે ઘણા દિવસો સુધી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. એવામાં ૧૧ નવેમ્બરે તેમના મૃત્યુની ખોટી અફવાઓ વ્યાપકપણે ફેલાઈ હતી, જેના કારણે તેમનાં પત્ની અને એક્ટ્રેસ હેમા માલિની અને દીકરી ઈશા દેઓલે નિવેદનો આપીને પુષ્ટિ કરી હતી કે તેઓ જીવિત છે અને સ્વસ્થ થઈ રહ્યા છે.



કરણ જોહરે ધર્મેન્દ્રના નિધનની પુષ્ટિ કરી અને તેમના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા તેમને શ્રદ્ધાંજલિ આપી. એક્ટર અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચન મુંબઈના વિલે પાર્લે સ્મશાનગૃહ પહોંચ્યા. ધર્મેન્દ્રના મૃત્યુના સમાચાર બહાર આવ્યા બાદ, વિલે પાર્લે સ્મશાનગૃહની સુરક્ષા વધારી દેવામાં આવી છે.

પીઢ એક્ટર ધર્મેન્દ્રને ૧૨ નવેમ્બરના રોજ બ્રીચ કેન્ડી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. તેઓ બે દિવસથી વેન્ટિલેટર પર હતા. ધર્મેન્દ્રને ૧૦ નવેમ્બરના રોજ શ્વાસ લેવામાં તકલીફને કારણે બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૧ નવેમ્બરની સવારે, મીડિયામાં એક્ટરના મૃત્યુના ખોટા સમાચાર આવ્યા, જેના પછી તેમની પુત્રી ઈશા દેઓલ અને પત્ની હેમા માલિનીએ નારાજગી વ્યક્ત કરી.

## વિશ્વની સૌથી ગીચ વસતિ ધરાવતા શહેરોમાં સુરત-અમદાવાદનો સમાવેશ

દેશની વસતિ ગણતરી પ્રક્રિયા આગામી વર્ષથી શરૂ થશે અને તેમાં ભારતીયોની સંખ્યા ૧૫૦ કરોડ કે તેથી વધુ હશે તે નિશ્ચિત છે પણ દેશમાં વધતી વસતી અને ભારતનું ક્ષેત્રફળ તો તેટલું જ છે તેથી વધારે વસતિના કારણે વસવાટ ગીચ થયા છે. ખાસ કરીને મોંઘા આવાસ અને ગરીબી એ લોકોને ઝુપડપટ્ટી કે તેવા આવાસોમાં વસવાની ફરજ પાડી છે. તેમાં શહેરીકરણ પણ વધી રહ્યું છે અને હાલ તો સંયુક્ત રાષ્ટ્રસંઘનો એક રિપોર્ટ કહે છે કે દેશના ધનિષ્ઠ-ગીચ-વસતિ ધરાવતા વિશ્વના ૧૦ મોટા મહાનગરોમાં ગુજરાતના બે મહાનગરો સુરત અને અમદાવાદનો સમાવેશ થાય છે દેશના કુલ ૪ મહાનગરો ટોપ-૧૦ ધનિષ્ઠ આબાદી ધરાવતા શહેરોમાં સ્થાન મેળવે છે. સૌથી વધુ ચોંકાવનારુ એ છે કે વિશ્વના ટોપ-૧૦ ધનિષ્ઠ-પ્રતિ ચોરસ કિલોમીટર સૌથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં મુંબઈ પ્રથમ સ્થાને છે. મુંબઈમાં પ્રતિ સ્ક્વેપ કિલોમીટર ૨૭૦૦૦ લોકો રહે છે તો આ યાદીમાં ગુજરાતનું સુરત પ્રતિ ચોરસ કિલોમીટર રહેતા લોકોમાં ૨૪૦૦૦ની વસતિ સાથે ચોથા સ્થાને અને અમદાવાદ આ યાદીમાં નવમાં ક્રમે પ્રતિ સ્કવેર કી.મી. ૨૨૦૦૦ની વસ્તીએ સાથે છે અને દેશનું આઈટી લીટી બેંગ્લોર ૧૦માં ક્રમે છે.

## સંરક્ષણ મંત્રી રાજનાથના સિંઘ પરના માર્મિક વિધાનો બાદ પાક. ભડકયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભાગલા સમયે પાકિસ્તાનનો ભાગ બનેલા સિંધ પ્રાંત સભ્યતાની દ્રષ્ટીએ હંમેશા ભારતનો અભિન્ન અંગ રહ્યું છે અને કોણ જાણે સિંધ પણ એક સમયે ભારતનો ભાગ બની શકે છે તેવા સંરક્ષણમંત્રી રાજનાથસિંઘના વિધાનોથી પાક ભડકી ઉઠયુ છે. ભારત પર વિસ્તારવાદી નીતિ અપનાવવાનો આરોપ મુકી દુનિયાએ તેના તરફ ધ્યાન આપવું જરૂરી છે તેવી કાગારોળ શરૂ કરી દીધી છે. પાક. વિદેશ મંત્રાલયે એક વિધાનમાં કહ્યું કે ભારતના સંરક્ષણમંત્રીના આ પ્રકારના વિધાનોને કઈ રીતે વિચારે છે. તે દર્શાવે છે અને સ્થાપીત સચ્ચાઈ (કે સિંઘ પાકનો ભાગ છે) ને પડકારવા માંગે છે તે આંતરરાષ્ટ્રીય કાનુન, માન્યતા પ્રાપ્ત સીમાઓ અખંડતા અને દેશની સંપ્રભુતાનું ઉલ્લંઘન છે. પાકે રાજનાથના વિધાનોને વિસ્તારવાદી હિન્દુત્વની વિચારધારા પણ દર્શાવી હતી.

ભારત એક તરફ પાક. કબ્જાના કાશ્મીરને ગમે તે સમયે છોડાવી લેશે તે નિશ્ચિત છે તો



પાકના બલુચ પ્રાંતમાં જે આઝાદીનો નારો છે તેમાં ભારત કુશળ ડિપ્લોમેટીક ચાલ ચાલે છે તે સમયે પાકમાં પણ પંજાબ જે રીતે સતાનું કેન્દ્ર ખાસ કરીને સૈન્ય સતામાં પ્રભુત્વ ધરાવે છે તેની સામેના આંતરિક અસંતોષમાં રાજનાથના વિધાનોથી પલીતો ચપાશે તેવો ભય પાકને છે.

તો બીજી તરફ ભારતે તોપનું નાળચું સિંઘ બાજુ ફેરવ્યુ છે તેવુ માની પાકે હવે કાશ્મીર સમસ્યા મુદે વાટાઘાટની પણ ઓફર કરી છે. પાકે સાથોસાથ બણગો ફુકયો છે કે તે તેની સુરક્ષા-આઝાદીની રક્ષા કરવા તૈયાર છે અને આરોપ મુકયો કે આ પ્રકારના વિધાનોથી ક્ષેત્રીય શાંતિ અને સ્થિરતા જોખમાઈ શકે છે.


## દેશના ૫૩માં મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે શપથ લેતા જસ્ટીસ સુર્યકાંત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશના નવા CJI તરીકે જસ્ટિસ સૂર્યકાતે શપથ લઈ લીધા છે. તેમને રાષ્ટ્રપતિએ શપથ અપાવ્યા હતા. તેઓ ૧૫ મહિના સુધી આ પદે રહેશે. જ્યારે જસ્ટિસ ગવઈ હવે CJI પદેથી નિવૃત્ત થઈ ગયા છે.

ઉલ્લેખનીય છે કે આ શપથ સમારોહ ઐતિહાસિક રહ્યો હતો કેમ કે જસ્ટિસ સૂર્યકાંતના શપથ સમારોહમાં સાત દેશના જજો સામેલ થયા હતા. આ સાથે વડાપ્રધાન મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી સહિત દિગ્ગજ નેતાઓ અને ભારતના રાષ્ટ્રપતિ મુર્મૂ પણ હાજર રહ્યા હતા.

નવા સીજેઆઈ સૂર્યકાંતનો જન્મ ૧૦ ફેબ્રુઆરી, ૧૯૬૨ના રોજ હરિયાણાના હિસાર જિલ્લામાં થયો હતો. તેમનો પરિવાર મધ્યમ વર્ગનો પરિવાર હતો. ત્યાંથી જ તેમણે કાયદા ક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને વકીલ તરીકેની કારકિર્દીની શરૂઆત કરી. ત્યાંથી જ, ન્યાયાધીશ સૂર્યકાંત દેશના સર્વોચ્ચ ન્યાયિક પદ પર પહોંચ્યા છે. તેઓ ૨૦૧૧માં કુરુક્ષેત્ર યુનિવર્સિટીમાંથી કાયદાના માસ્ટરમાં ''પ્રથમ વર્ગમાં પ્રથમ'' ક્રમ મેળવવાનું ગૌરવ પણ ધરાવે છે.



જસ્ટિસ સૂર્યકાંતને આ વર્ષની ૩૦ ઓક્ટોબરે આગામી મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ આ પદ પર લગભગ ૧૫ મહિના સુધી સેવા આપશે. તેઓ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૭ ના રોજ ૬૫ વર્ષની ઉંમરે નિવૃત્ત થશે. તેમણે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં અનેક નોંધપાત્ર ચુકાદાઓ આપ્યા હતા. જસ્ટિસ સૂર્યકાંતને ૫ ઓક્ટોબર, ૨૦૧૮ ના રોજ હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકેનો તેમનો કાર્યકાળ કલમ ૩૭૦ નાબૂદ કરવા, અભિવ્યક્તિની સ્વતંત્રતા અને નાગરિકતાના અધિકારો અંગેના તેમના નિર્ણયો માટે જાણીતો છે. જસ્ટિસ સૂર્યકાંત તે બેન્ચનો ભાગ હતા જેણે તાજેતરમાં રાજ્ય વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલો સાથે વ્યવહાર કરવામાં રાજ્યપાલ અને રાષ્ટ્રપતિની સત્તાઓ અંગે રાષ્ટ્રપતિની સલાહ અરજીની સુનાવણી કરી હતી. આ નિર્ણયની આતુરતાથી રાહ જોવાઈ રહી છે અને તેની તમામ રાજ્યો પર અસર પડી શકે છે. તેઓ તે બેન્ચનો ભાગ હતા જેણે વસાહતી યુગના રાજદ્રોહ કાયદા પર રોક લગાવી હતી અને નિર્દેશ આપ્યો હતો કે સરકાર તેની સમીક્ષા ન કરે ત્યાં સુધી તેના હેઠળ કોઈ નવી નોંધવામાં આવશે નહીં. જસ્ટિસ સૂર્યકાંતે ચૂંટણી પંચને બિહારમાં ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા ૬૫ લાખ મતદારોની વિગતો જાહેર કરવા પણ કહ્યું હતું.

## ભાજપના રાષ્ટ્રીય નેતાની રૂપાણી પરિવાર સાથે બંધ બેઠકથી રાજકારણ ગરમાયું

### રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ.સંતોષ અને પ્રદેશ પ્રમુખ જગદિશ વિશ્વકર્માએ રૂપાણી પરિવારના ઘરે જઇ સાંત્વના પાઠવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ભાજપના કમલમ કાર્યાલય ખાતે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી બી. એલ. સંતોષ અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને સૌરાષ્ટ્ર ઝોનની બેઠકનું આયોજન કરાયું છે. આજની મિટિંગને પગલે સૌરાષ્ટ્રભરના ભાજપના સાંસદો-ધારાસભ્યો સહિતના નેતાઓએ ખાસ હાજર રહેવા આદેશ કરાયો હતો.

આ બેઠક પહેલાં બી.એલ.સંતોષ રૂપાણી પરિવારને સાંત્વના પાઠવવા તેમના ઘરે પણ ગયા હતા. જ્યાં વિજય રૂપાણીના પુત્ર ઋષભ રૂપાણી રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ.સંતોષ અને પ્રદેશ



પ્રમુખ જગદીશ વિશ્વકર્માને પગે પણ લાગ્યા હતા. જો કે અંજલિબેન સાથે બેઠક દરમિયાન શહેર ભાજપ પ્રમુખ માધવ દવેને બહાર બેસાડવામાં આવ્યા.

આ દરમિયાન અંજલિબેન રૂપાણીએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, સાહેબને ગયાને ૬ મહિના જેવો સમય થવા આવ્યો છે અને તેના પછી પહેલીવાર સંતોષજી આવ્યા છે. સંગઠનના વડા કહેવાય અને સાહેબે પણ સંગઠન માટે કામ કર્યું છે અને તેનાથી સુપરિચિત છે, એટલે અમારી શુભેચ્છા મુલાકાત થઈ હતી. અમે પાર્ટીના કાર્યકર્તા છીએ અને પાર્ટી કહેશે એમ કરીશું.

૧૨ જૂનના રોજ પ્લેન ક્રેશમાં રૂપાણીનું નિધન થયા બાદ ૧૬ જૂન, ૨૦૨૫ના રોજ ગુજરાતની જનતાએ ભારે હૈયે અને ભીની આંખે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને અંતિમ વિદાય આપી હતી. જેના ત્રણ મહિના પછી અંતિમયાત્રામાં થયેલો ખર્ચ ચૂકવવાની ભાજપે ના પાડી દીધી છે અને રૂપાણી પરિવાર પાસેથી જ આ ખર્ચ વસૂલવા માટે વેપારીઓને કહેવામાં આવ્યું હતું. જેને લઈ શહેર ભાજપમાં આંતરિક ખેંચતાણ પણ સામે આવી હતી.

## દિલ્હી માંથી રૂ.૨૬૨ કરોડનું ડ્રગ્સ પકડાયુંઃ એક મહિલા સહિત બેની ધરપકડ

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

નાર્કોટિકસ કન્ટ્રોલ બ્યુરો એનસીબી)એ એક મોટા સિન્થેટિક ડ્રગ્સ સિન્ડિકેટનો ખુલાસો કર્યો છે જેનું ઈન્ટરનેશનલ કનેકશન બહાર આવ્યું છે. એનસીબીએ પ્રારંભિક રીતે બે આરોપીઓની ધરપકડ કરી છે તેમાં એક નાગાલેન્ડની મહિલા પણ સામેલ છે.

એનસીબીએ આ મહિલાના જણાવ્યા મુજબ છત્તરપુરથી ૩૨૮ કિલો મેથામફેટામાઈન જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૨૬૨ કરોડ રૂપિયા જણાવાઈ રહી છે. એનસીબીના આ સિક્રેટ ઓપરેશનમાં દિલ્હી પોલીસ ટીમનો પણ સપોર્ટ રહ્યો હતો. હાલ આ કેસમાં એજન્સીઓની તપાસ ચાલુ છે.

એજન્સીઓ ડ્રગ સપ્લાય ચેન,



હવાલાથી લેવડ-દેવડ, વિદેશી કનેકશન અને બાકી આરોપીઓના બારામાં ઉંડાણથી તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ ઓપરેશન ક્રિસ્ટલ ફોટ્રેસ અંતર્ગત મેગા ટ્રાન્સ નેશનલ મેથામફેટામાઈન કાર્ટસના ભાંડાફોડ બદલ એનસીબી અને દિલ્હી પોલીસની જોઈન્ટ ટીમને અભિનંદન આપ્યા છે. તેમણે એકસ પર લખ્યું અમારી સરકાર ખુબ જ ઝડપથી ડ્રગ કાર્ટેલને ખતમ કરી રહી છે.

ડ્રગ્સની તપાસ માટે ટોપ ટુ બોટમ અને બોટમ ટુ ટોપ એપ્રોચને સખ્તાઈથી અપનાવીને, નવી દિલ્હીમાં રૂા.૨૬૨ કરોડની કિંમતના ૩૨૮ કિલો મેથામફેટામાઈનની જપ્રી બે લોકોની ધરપકડ સાથે મોટી સફળતા મળી હતી.

ઉલ્લેખનીય છે કે, ઓપરેશન ક્રિસ્ટલથી આ ડ્રગ તસ્કરીનો ખુલાસો થયો છે. એનસીબી (ઓપીએસ બ્રાન્ચ) એ સ્પેશિયલ સેલ (સીઆઈ) સાથે મળીને ૨૦ નવેમ્બરે છત્તરપુરમાં એક ઘરમાંથી લગભગ ૩૨૮ કિલો ગ્રામ હાઈ-કવોલિટી મેથામફેટામાઈન જપ્ત કર્યું હતું.

આ મહત્વની કાર્યવાહી ગત કેટલાક મહિનાથી ગુપ્ત જાણકારી ટેકનીકલ ઈન્ટરએપ્ટ્સના આધારે સતત કરવામાં આવેલી તપાસનું પરિણામ છે જેથી એક ટ્રાફિકિંગ ચેનનો પતો લાગ્યો, આ મોટી સફળતા મળી હતી.

# કચ્છ-સૌરાષ્ટ્રની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ઝળહળશે ગુજરાતનું સિરામિક હબ મોરબી

## વિશ્વના બીજા સૌથી મોટા સિરામિક હબ મોરબીનું લક્ષ્ય હવે વૈશ્વિક બજારમાં અગ્રેસર બનવાનું, VGRCથી રોકાણ અને નિકાસની સંભાવનાઓ વધશે

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટની પહેલથી ઉદ્યોગ ક્ષેત્રનું ચિત્ર બદલાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

ગાંધીનગર ૨૨ નવેમ્બર ૨૦૨૫ ગુજરાતના સૌરાષ્ટ્ર ક્ષેત્રનું મોરબી આજે સિરામિક ઉદ્યોગના વૈશ્વિક પાવરહાઉસ તરીકે ઉભરી રહ્યું છે. મોરબી વિશ્વનું બીજું સૌથી મોટું સિરામિક ઉત્પાદન હબ છે, જ્યાં ૮૦૦થી વધુ સિરામિક યુનિટ વૈશ્વિક બજારોમાં નિકાસ કરે છે. ક્ષેત્રના વિકાસમાં મોરબીના સિરામિક ઉદ્યોગનો ફાળો નોંધનીય છે અને આ રીતે તે વિકસિત ગુજરાતથી વિકસિત ભારત @2047ના વિઝનમાં પણ યોગદાન આપી રહ્યું છે તેમજ વધતી વૈશ્વિક માંગને પણ પૂર્ણ કરી રહ્યું છે.

ભારત સિરામિક ઉત્પાદનોનો છઠ્ઠો સૌથી મોટો નિકાસકાર દેશ છે, જેમાં મોરબીનો ફાળો મુખ્ય છે. ૨૪ જુલાઈ ૨૦૨૫ના રોજ ભારત-યુકે વ્યાપક આર્થિક અને વ્યાપાર કરાર (CETA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે ગુજરાતના ઉદ્યોગો, ખાસ કરીને મોરબી સિરામિક ક્લસ્ટર માટે મહત્વપૂર્ણ સાબિત થયો છે. આ કરાર મુખ્ય ભારતીય નિકાસ માટે શૂન્ય-ડ્યુટી અને ટેરિફ-મુક્ત ઍક્સેસ સુનિશ્ચિત કરે છે.

છેલ્લા ૩-૪ વર્ષમાં ભારતમાંથી યુકેમાં સિરામિક નિકાસ ત્રણ ગણી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૧૦ મિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે, જેમાં મોરબીનો ૬૫% ફાળો (૭૧.૬ મિલિયન ડોલર) છે. ઉલ્લેખનીય છે કે, યુકેમાં પોર્સેલિન સ્લેબ, ટાઈલ્સ અને ક્વાર્ટ્ઝ ઉત્પાદનો જેવી પ્રીમિયમ બાંધકામ સામગ્રીની માંગ વધી રહી છે, જેને ભારત પૂરી કરી રહ્યું છે.

વધી રહેલાં શહેરીકરણ, સરકારની હાઉસિંગ યોજનાઓ અને સ્વચ્છ ભારત મિશન જેવા પરિબળોના કારણે સિરામિક ક્ષેત્રમાં વિશાળ સંભાવનાઓ રહેલી છે. મોરબીમાં વૉલ-ટાઈલ્સ, ફ્લોર-ટાઈલ્સ અને બાથરૂમ એક્સેસરીઝ સહિત સિરામિક અને સૅનિટરીવેરનું ઉત્પાદન થાય છે. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે મોરબીને સિરામિક ટાઈલ્સ અને સૅનિટરીવેર માટે "ટાઉન ઑફ એક્સપોર્ટ એક્સેલન્સ (TEE)"નો દરજ્જો આપ્યો છે.

મોરબી સિરામિક ક્લસ્ટર મૅન્યુફેક્ચરિંગ યુનિટ (ઉત્પાદન એકમો)માં આશરે ૩.૫ લાખ વ્યક્તિઓને સીધી રોજગારી આપે છે અને લગભગ ૧૦ લાખ લોકોને પરોક્ષ રોજગાર પૂરો પાડે છે. આ ઉદ્યોગે લોજિસ્ટિક્સ, પેકેજિંગ, કાચા માલનો પુરવઠો વગેરે જેવા સહાયક ઉદ્યોગોમાં પરોક્ષ અને પ્રત્યક્ષ રોજગારની તકો ઊભી કરી છે. તેનાથી સ્થાનિક લોકો અને અન્ય રાજ્યોના કામદારો માટે પણ રોજગારીનું સર્જન થયું છે.

મોરબી સિરામિક ક્લસ્ટર એક પ્રાદેશિક ઉદ્યોગમાંથી મુખ્ય વૈશ્વિક નિકાસકાર બન્યું છે. આ પ્રગતિ થવાના કારણે ગુજરાત આજે એક પસંદગીનું રોકાણ સ્થળ બની ગયું છે અને "મેડ ઇન મોરબી" વૈશ્વિક બ્રાન્ડ બની ગઈ છે. ૨૦૦૩માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સૌપ્રથમ વખત યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટથી આ ઉદ્યોગને ઘણો ફાયદો થયો છે. હવે વાઈબ્રન્ટ ગુજરાત સમિટના વિઝનને આગળ વધારતાં ગુજરાત સરકાર ૮-૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાજકોટ ખાતે કચ્છ-સૌરાષ્ટ્ર પ્રદેશની રિજનલ કોન્ફરન્સનું આયોજન કરવા જઈ રહી છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ વધુમાં વધુ રોકાણ આકર્ષવાનો અને સ્થાનિક ઉદ્યોગસાહસિકોની ક્ષમતા અને પ્રતિભાને ઉજાગર કરવાનો છે. આ કોન્ફરન્સના માધ્યમથી મોરબી વિશ્વ મંચ પર ઉજાગર થશે અને સિરામિક ક્લસ્ટર વધુ મજબૂત બનશે.

# ઉના શહેરમાં ચાલી રહેલ SIRની કામગીરીની સમીક્ષા કરતા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ચૂંટણી પંચના કાર્યક્રમ અનુસાર મતદાર યાદી સઘન ખાસ સુધારણા (SIR) અંતર્ગત હાલમાં કાર્યક્રમ ચાલી રહેલ છે. ત્યારે આજે ૨૩ નવેમ્બરને રવિવારના રોજ ઉના શહેરના તમામ બુથ પર BLO (બી.એલ.ઓ) બુથ પર હાજર રહીને મતદારોના ફોર્મ સ્વીકારવા તથા ભરી આપવાની ઉત્કૃષ્ટ કામગીરી કરી રહેલ છે. તેને બિરદાવવા તથા તેની કામગીરીમાં મદદરૂપ થવા ના ઉદ્દેશ સાથે આજે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ એ બુથ ઉપર જઈને BLOને શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું. અને તેઓને તેમની કામગીરીમાં કોઈ મુશ્કેલી અનુભવાય તો કાર્યકરોના માધ્યમથી સહાયરૂપ થવા હૈયાધારણા આપેલ હતી. અને જરૂર જણાય ત્યાં પોતાના સંપર્ક કરવા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ એ જણાવ્યું હતું.તેમજ ઉના શહેરમાં વિવિધ વિસ્તારોમાં ધારાસભ્ય એ જાતે પગપાળા ફરીને મતદાર ભાઈ-



બહેનોને મતદાર સુધારણા અભિયાન અંગે જાગૃત કરી માહિતગાર કર્યા હતા. તેઓની સાથે નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી વિનોદભાઈ બાંભણીયા, ઉના નગરપાલિકાના કારોબારી સમિતિના ચેરમેન ધીરુભાઈ છગ, નગરસેવક વિજયભાઈ રાઠોડ, પ્રતિનિધિ હિતેશભાઈ દુધાત, યુવા આગેવાન રવિભાઈ રાઠોડ કિશનભાઈ મકવાણા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના લક્ષ્મીનગર નજીક મોબાઈલ ટાવરમાંથી કોપર વાયર ચોરનાર બે ઈસમ પકડાયા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના લક્ષ્મીનગર ગામ નજીક મોબાઈલ ટાવરમાંથી આશરે ૩૦ હજારના કોપર કેબલ ચોરી કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. સર્વેલન્સ સ્ટાફની માહિતી આધારે ધરમપુર પાસે વોચ ગોઠવી બે આરોપીઓને ૩૦ કિલો કોપર વાયર અને ઈકો ગાડી સહિત કુલ ૧.૧૫ લાખના મુદામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા છે.

મોરબી તાલુકાના લક્ષ્મીનગર ગામ પાસે આવેલ મોબાઈલ ટાવરમાંથી અજાણ્યા ઈસમો દ્વારા નાની-મોટી સાઈઝના કોપર કેબલ કિ.રૂ.૩૦,૦૦૦/-ની ચોરી થતા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ચોરીની ઘટનાને પગલે પોલીસે અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી. તે દરમ્યાન તાલુકા પોલીસના સર્વેલન્સ સ્ટાફને ખાનગીરાહે બાતમી મળી કે ચોરીમાં સંડોવાયેલા આરોપીઓ ચોરાયેલ કોપર કેબલ લઈ એક ઈકો ગાડીમાં ધરમપુર તરફથી મોરબી તરફ આવી રહ્યા છે. મળેલી ચોક્કસ બાતમીને આધારે ધરમપુર ગામના સ્મશાન નજીક પોલીસ ટીમે વોચ ગોઠવી હતી. ત્યારે થોડી વારમાં એક શંકાસ્પદ ઈકો ગાડી પસાર થતા, પોલીસે તેને રોકી ગાડીની તપાસમાં ચોરીમાં ગયેલા કોપર કેબલ વાયર મળી આવતા બે આરોપી કાટીયાભાઈ નરશીભાઈ દેવીપુજક ઉવ.૩૨ રહે. કંકાવટી, તા. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર તથા આરોપી દિલીપભાઈ પોપટભાઈ દેવીપુજક ઉવ.૩૫ રહે. વાલબાઈની જગ્યા પાસે, ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર વાળા બન્નેની અટક કરી હતી. આ સાથે પોલીસે બંને પાસેથી આશરે ૩૦ કિલો કોપર વાયર તથા ઈકો ગાડી રજી. નં. જીજે-૦૩-ડીએન-૨૫૫૧ મળી કુલ રૂ. ૧,૧૫,૦૦૦/- નો મુદામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર જાહેરમાં ગંજી પાનાનો જુગાર રમી રહેલી ૭ મહિલાઓ ઝડપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના જડેશ્વર પાર્ક વિસ્તારમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડયો હતો અને જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલી ૭ પત્તાપ્રેમી મહિલાઓ અને એક પુરુષની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રોકડ રકમ અને જુગારની સામગ્રી કબજે કરી છે.જામનગરમાં જડેશ્વર પાર્ક મેઈન ચોકમાં રામાપીરના મંદિર સામે જાહેરમાં કેટલીક મહિલાઓ એકત્ર થઈને ગંજી પાના વડે જુગાર રમી રહી છે, તેવી ચોક્કસ બાતમીના આધારે સીટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે મહિલા પોલીસને સાથે રાખીને દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન ૭ જેટલી મહિલાઓ ગોળ કુંડાળું વળીને ગંજી પાના વડે રોન પોલીસ નામનો જુગાર રમતાં મળી આવી હતી.પોલીસે બનાવના સ્થળેથી નીતાબા ભરતસિંહ પિંગળ, સુનિતાબેન જીતેન્દ્રભાઈ નાગપાલ, આશાબેન યોગેશભાઈ મેવાડા, પુષ્પાબેન મનીષભાઈ ચાવડા, શાંતાબેન પરસોત્તમભાઈ જેઠીયા, મીનાબેન વલીદાસ ભાઈ સોલંકી, અંકિતાબેન વલીદાસભાઈ સોલંકી તેમજ બલવીરસિંહ દિલીપસિંહ ગોહિલની અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૧૨,૭૬૦ની રોકડ રકમ અને જુગારની સામગ્રી કબજે કરી છે.

# ઉનાના નાલીયા માંડવી ગામે પ્લોટ પચાવી પાડનાર ઈસમો સામે ફરિયાદ નોંધાઈ

### લેન્ડગ્રેબીંગનો ગુનો દાખલ થતાં નવાબંદર મરીન પોલીસે મહિલા સહિત પાંચ ઈસોમો વિરુદ્ધ ફરિયાદ નોંધી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના નાલીયા માંડવી ગામે રહેતા અબ્દુલભાઈ કાળુભાઈ તથા તેમના બીજા ભાઈ અલી મહમદ ભાઈ બંને ભાઈના પ્લોટ પર મહિલા સહિત પાંચ ઇસમોએ કબ્જો જમાવીને બેઠા હતા બંને ભાઈઓએ ત્યારે ઓનલાઇન કલેકટરને લેન ગ્રેબીન હેઠળ ગુનો દાખલ કરવા રજૂઆત કરવામાં આવી હતી તો જેમાં આ રજૂઆતને લઈને આ અંગેનો કેસ ચાલી જતા લેન્ડગ્રેબીન કમિટી દ્વારા માલિકીના પ્લોટ ઉપર કબજો કરનાર સામે જિલ્લા કલેક્ટરએ લેન્ડવેબિનનો ગુનો દાખલ કરતા જેમા નવાબંદર મરીન પોલીસે ગુજરાત જમીન પચાવી પાડવા પ્રતિબંધની કલમ હેઠળ પોલીસે આ પાંચે એ આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો જેમાં ફાતેમાબેન મામદ સુમરા, હુસેન મામદ સુમરા, દાદુ મહમદભાઈ સુમરા, યાકુબ મામદભાઈ સુમરા, મમદુભાઈ જમાલભાઈ સુમરા સામે લેન્ડગ્રેબીંગનો ગુનો દાખલ કરી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા રૂ.૭૨૭.૭૮ લાખના ૧૧ રોડના કામો પૂર્ણ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાએ શહેરના આધુનિકરણ અને ટ્રાફિક સુવિધા સુધારવા માટે છેલ્લા ત્રણ મહિનામાં કરવામાં આવેલા કુલ ૧૧ રોડ વિકાસ કાર્યો પૂર્ણ કરી લીધા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં રૂ. ૭૨૭.૭૮ લાખના ખર્ચે થયેલા સી.સી. તથા ડામર રોડ કાર્યો પૂર્ણ થતાં નાગરિકોને સીધી સુવિધા મળશે. બાકીના ખાતમુહૂર્ત કરાયેલા કામો ઝડપથી પ્રગતિ ઉપર છે.

મોરબી મહાનગરપાલિકાની સીવીલ અને સીટી બ્યુટીફીકેશન શાખાની અખબારી યાદી મુજબ શહેરમાં વિવિધ માર્ગોના વિકાસ માટે હાથ ધરાયેલા કુલ ૧૧ રોડના કામો સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. તા. ૦૨/૦૮/૨૦૨૫ શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ નિમિત્તે કરાયેલા ચાર મહત્વપૂર્ણ સી.સી.રોડના ખાતમુહૂર્ત બાદ, ચામુંડાનગરમાં રૂ. ૧૮.૬૧ લાખ, ક્રિષ્ના સ્કૂલથી એસ.પી. રોડ સુધી રૂ. ૫૮.૦૧ લાખ, કેદારીયા હનુમાનથી સેન્ટમેરી સ્કૂલ સુધી રૂ. ૫૦ લાખ અને ચિત્રકુટ શેરી નં. ૧, ૨ અને ૩માં રૂ. ૫૭.૧૬ લાખના ખર્ચે માર્ગ સુવિધાઓ વિકસાવવામાં આવી છે. તેમજ તા. ૩૦/૦૯/૨૦૨૫ સરદાર બાગ સામેના હરીપાર્ક વિસ્તારમાં રૂ. ૧૪ લાખના સી.સી.રોડનું કામ પૂર્ણ કરાયું છે. વિકાસ સપ્તાહ નિમિત્તે તા. ૧૫/૧૦/૨૦૨૫ શહેરના વધુ છ વિસ્તારોમાં ડામર તથા સી.સી.રોડના કાર્યો હાથ ધરાયા હતા, જેમાં યદુનંદન ગેટથી સબજેલ સુધી રૂ. ૭૯ લાખ, પુનમ મોબાઈલથી શિવાની સીઝન સેન્ટર સુધી રૂ. ૯ લાખ, સુપર ટોકીઝથી ત્રિકોણબાગ સુધી રૂ. ૧૪ લાખ તેમજ વાવડી મેઈન રોડનું રીસર્ફેસિંગ રૂ. ૬૫ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યું છે.

તે ઉપરાંત ગોપાલ સોસાયટીથી સમર્પણ હોસ્પિટલ સુધી રૂ. ૧૦૭ લાખના ડામર રોડ અને લાલબાગથી પંચમુખી હનુમાન સુધીના રૂ. ૨૫૬ લાખના વિશાળકાય રોડ કામો પણ સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. મહાનગરપાલિકા દ્વારા જણાવ્યા મુજબ આ તમામ ૧૧ કામો પૂર્ણ થયા બાદ શહેરમાં વાહનવ્યવહાર સરળ બનશે તેમજ નાગરિકોને વધુ સુવિધા મળશે. બાકીના ખાતમુહૂર્ત કરાયેલા રોડ કાર્યો હાલ પ્રગતિ હેઠળ છે અને ટૂંક સમયમાં સમાપ્ત થશે.

# મોરબી મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા સામાજિક સેવા ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન

### સમૂહ લગ્નોત્સવમાં ૧૧ કન્યાઓને જરૂરિયાતની સામગ્રી અર્પણ, સંસ્થાનું વિશેષ સન્માન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ડૉ. આંબેડકર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત દ્વિતીય સમૂહ લગ્નોત્સવમાં મુસ્કાન વેલફેર સોસાયટી મોરબીએ પોતાની સામાજિક પ્રતિબદ્ધતાનું શાનદાર પ્રદર્શન કર્યું હતું. સંસ્થા તરફથી કાર્યક્રમમાં હાજર રહી ૧૧ કન્યાઓને તેમની વ્યક્તિગત જરૂરિયાત અનુસાર જરૂરી સામગ્રી ભેટરૂપે અર્પણ કરવામાં આવી હતી, જેથી તેઓ પોતાના નવજીવનની શરૂઆત સુખદ અને સુવિધાસભર રીતે કરી શકે.



સામાજિક સેવા માટે કરવામાં આવેલ આ ઉત્તમ કામગીરી બદલ કાર્યક્રમમાં મુસ્કાન વેલફેર ગ્રુપને વિશેષ સન્માનથી નવાજવામાં આવ્યા હતા, જે સમગ્ર મુસ્કાન પરિવારમાં ગૌરવ અને આનંદની બાબત હતી.

આ પાવન પ્રસંગે કુલ ૧૧ લગ્નો સફળતાપૂર્વક પૂર્ણ થયા હતા, જેમાં ભાગ લેવાનો મોકો મળતા મુસ્કાન પરિવાર વિશેષ આનંદિત જોવા મળ્યો હતો. સામાજિક હિત માટે સતત કાર્યરત રહેનારી મુસ્કાન વેલફેર સોસાયટી તરફથી જણાવાયું કે, સમાજના હિતમાં અને જરૂરિયાતમંદોના કલ્યાણ માટે સંસ્થા આવનારા સમયમાં પણ આ જ સમર્પણ અને ઉર્જા સાથે સેવાકાર્યો કરશે.

# મોરબી જામનગરની માનસિક અસ્વસ્થ મહિલાનું પરિવાર સાથે પુનઃમિલન કરાવતી જીલ્લા પોલીસ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જામનગરથી ઘરેથી નિકળી ગયેલા રાધાબેન ભટકતી હાલતમાં મળી આવ્યા બાદ, મોરબી મહિલા પોલીસ મથકની ટીમે તેમને સુરક્ષિત રાખી, પૂછપરછથી ઓળખ મેળવી અંતે તેમના પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું હતું.

મોરબી મહિલા પોલીસ મથકના પીઆઇ પદ્માબેન લખધીરકા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મોરબી શહેરના સામાકાંઠા વિસ્તાર રીલીફ-૨ માં એક મહિલા ભુખ્યાં-તરસ્યાં અને ગભરાયેલા હાલત-માં મળી આવ્યા હતા. આ મહિલાએ પોતાનું નામ રાધાબેન હોવાનું જણાવી અને પોતે જામનગરના હોવાનું તથા બે સંતાનો તેમજ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરનાર પતિ હોવાની માહિતી આપી હતી. માનસિક સ્વાસ્થ્ય નબળું હોવાથી તેઓ તા.૨૧/૧૧ના રોજ જામનગર સ્થિત પોતાના ઘરેથી નીકળી ગયા અને મોરબી આવી પહોંચ્યા હતા.

મહિલા પોલીસ કર્મચારીઓએ તેમને તાત્કાલિક ખોરાક આપી સંભાળ લીધી અને સુરક્ષિત રીતે સપોર્ટ સેન્ટર ખાતે રાખવાની વ્યવસ્થા કરી હતી. બીજા દિવસે મહિલાને ફરી પોતાના હાથે જમાડી તેમની સાથે વિસ્તૃત વાતચીત કરી સંપૂર્ણ વિગતો મેળવ્યા બાદ ડીવાયએસપી દલવાડી સાથે ચર્ચા કરી પરિવારનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. ઈન્વેસ્ટિગેશન બાદ જાણવા મળ્યું કે રાધાબેનના બેન હેમાબેન તથા બનેવી મહેન્દ્ર ઉપલેટા તેલ મિલ સામે શાકુંતલનગર વિસ્તારમાં રહે છે. પોલીસ ટીમે એસપી મુકેશકુમાર પટેલની મંજૂરી બાદ રાધાબેનને તેમના પરિવારને સોપી, સુરક્ષિત પુનઃમિલન કરાવ્યું હતું.

આ સફળ અને સરાહનીય કામગીરીમાં મોરબી જીલ્લા પોલીસવડા મુકેશકુમાર પટેલ, ડીવાયએસપી દલવાડી તથા મહિલા પોલીસ મથક પીઆઇ પદ્માબેન લખધીરકા સહિતની ટીમ જોડાયેલ હતી.

# મોરબીમાં જવાહર સોસાયટીમાં નજીવી બાબતે યુવક ઉપર છરી, ધોકા વડે હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સામાકાંઠા વિસ્તારની જવાહર સોસાયટીમાં નજીવી બાબતે યુવકને બેફામ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો છે, જેમાં યુવક પાનની દુકાનેથી ઘરે જતો હોય ત્યારે ફૂલ સ્પીડમાં ચલાવી આવી કારના ચાલકે યુવકના પગ પાસે અચાનક બ્રેક મારતા, જે બાબતે ડરી ગયેલ યુવકે વાત કરતા, ઉશ્કેરાયેલ કાર ચાલક, તેના પિતા અને કુટુંબી ભાઈઓ દ્વારા યુવકને છરી, ધોકા અને મૂંઢ માર મારી, યુવકને ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ પહોંચાડેલ. હાલ સમગ્ર બનાવ અંગે પીડિત યુવકે ચારેય આરોપીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ ખાખરાળા ગામના વતની હાલ ભડિયાદ જવાહર સોસાયટી શેરી નં.૬ માં રહેતા મહેશભાઈ દેવજીભાઈ વણોલ ઉવ.૨૩ એ આરોપી ધ્રુવભાઈ દામજીભાઈ મકવાણા, દામજીભાઈ મકવાણા, અજય તથા મહેશ એમ ચાર વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ સમક્ષ હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ નોંધાવી કે, ગત તા.૨૧/૧૧ના રોજ ફરિયાદી મહેશભાઈ સોસાયટીમાં આવેલ પાનની દુકાનેથી માવો લઈને ઘરે પરત આવતા હોય તે દરમિયાન આરોપી ધ્રુવભાઈ પોતાની વરના કાર ફૂલ સ્પીડમાં ચકાવી આવી, ફરિયાદી મહેશભાઇ પગ પાસે જોરદાર બ્રેક લગાવી હતી, જેથી ડરી ગયેલ મહેશભાઈએ આ રીતે કાર ન ચલાવવાનું સમજાવતા, તુરંત ઉશ્કેરાયેલ કાર ચાલક ધ્રુવભાઈએ ફરિયાદી મહેશભાઈબે ગાળો આપી ઝઘડો સગરુ જાર્યો હતો, આ દરમિયાન આરોપી દામજીભાઈ મકવાણા તથા તેમના બે ભત્રીજા આરોપી અજય અને મહેશ ત્યાં આવી જતા, ચારેય આરોપીઓએ ભેગા મળી છરી, લોખંડ પાઈપ, ધોકા તથા મૂંઢ માર મારી ફરિયાદી મહેશભાઈને ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ ઉપરથી ચાલ્યા ગયા હતા. હાલ બી ડિવિઝન પોલીસે ચારેય આરોપીઓ સામે બીએનએસની કલમો હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરી છે.

# ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા દ્વારા બુથોની મુલાકાત લઈ બીએલઓને પ્રોત્સાહિત કરાયા

### મતદારયાદી સુધારણા કામગીરી દરમિયાન બીએલઓની મુશ્કેલીઓ જાણીને કામગીરીને બિરદાવી

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા દેશના બાર રાજ્યો સાથે સાથે ગુજરાતમાં પણ સ્પેશિયલ ઈન્ટેનસીવ રિવિઝન (SIR) મતદારયાદી સુધારણાનું કાર્ય ઝડપદાર ગતિએ ચાલી રહ્યું છે. ત્યારે મોરબી જીલ્લામાં નવી મતદારયાદી મુજબના પત્રકો મતદારો સુધી પહોંચાડવા માટે બુથ લેવલ ઓફિસરો (બીએલઓ) છેલ્લા અનેક દિવસોથી ઘરેઘરે ફરીને તનમનથી કામગીરી બજાવી રહ્યા છે. હાલ તેઓ વર્ષ ૨૦૦૨ મુજબની યાદી પ્રમાણે ભરાતા ફોર્મ સ્વીકારી રહ્યા છે અને સાથે સાથે પ્રાપ્ત થતા ફોર્મોની ઓનલાઈન એન્ટ્રી કરવાની જવાબદારી પણ નિષ્ઠાપૂર્વક સંભાળી રહ્યા છે. વધતી કામગીરી અને યાદી સુધારણાની ટેકનિકલ પડકારોને કારણે બીએલઓમાં માનસિક તાણની પરિસ્થિતિ ઉભી થઈ રહી હતી.



આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને રવિવારે ટંકારા-પડધરીના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાએ પોતાના વિધાનસભા વિસ્તારના રવાપર, ન્યુ એરા, રાજપર સહિતના વિવિધ બુથોની મુલાકાત લીધી હતી. તેમણે બુથ પર કાર્યરત બીએલઓ સાથે મુલાકાત કરી તેમની સામે ઊભી થતી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરી હતી. કેટલા ફોર્મ પરત આવ્યા, કેટલા ઓનલાઈન થયા અને કામગીરીની પ્રગતિ કઈ સ્થિતિએ છે તેની માહિતી ધારાસભ્યએ વ્યક્તિગત રીતે મેળવી હતી.

દુર્લભજીભાઈ દેથરીયાએ બીએલઓ દ્વારા કરવામાં આવતી મહેનત, સમર્પણ અને જવાબદારીભાવને બિરદાવી તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, મતદારયાદી સુધારણા લોકતાંત્રિક પ્રણાલીની આધારશિલા છે અને બીએલઓનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ છે. આ મુલાકાતથી બીએલઓમાં નવચેતનાનો સંચાર થયો હતો અને તેમના કાર્ય પ્રત્યે વધુ પ્રેરણા મળી હતી.

# ટંકારા નજીક કારે બાઈકને ટકકર મારતા પ્રૌઢ ગંભીર ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા રાજકોટ હાઈવે ઉપર ભૂતકોટડા ગામના બોર્ડ નજીક ડિવાઈડર કટ પાસે રોડ ક્રોસ કરવા ઉભેલ મોટર સાયકલને રાજકોટ તરફથી આવતી બલેનો કારે ટક્કર મારતા, મોટર સાયકલ ચાલક પ્રૌઢ રોડ ઉપર પટકાયા હતા, આ અકસ્માતમાં પ્રૌઢને એક પગમાં પેનીનો ભાગ છૂંદાઈ ગયો જ્યારે બીજા પગમાં ફ્રેકચર તથા માથા અને વાસાના ભાગે મૂંઢ ઈજાઓ પહોંચી હતી. હાલ અકસ્માત અંગે ઘાયલ પ્રૌઢ દ્વારા કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ટંકારા તાલુકાના ગજડી ગામના રહેવાસી દેવદાનભાઈ લખમણભાઈ સવસેટા ઉવ.૫૦ ગઈ તા.૧૬/૧૧ ના રોજ પોતાનું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ રજી.નં. જીજે-૦૩-સીએન-૦૧૨૪ લઈને પડધરી ગામથી પરત આવતા હોય ત્યારે મોરબી-રાજકોટ હાઈવે ઉપર ભૂતકોટડા ગામે ડિવાઈડરની કટથી રોડ ક્રોસ કરવા ઉભા હતા, ત્યારે રાજકોટ સાઈડથી આવતી બલેનો કાર રજી.નં. જીજે-૩૬-એઆર-૧૧૫૭ ના ચાલકે ફૂલ સ્પીડમાં આવી દેવદાનભાઈને મોટર સાયકલ સહિત હડફેટે લેતા તેઓને બન્ને પગમાં અને માથામાં તથા વાસાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેઓને પ્રતગમ રાજકોટ સીનર્જી હોસ્પિટલ બાદ જી.ટી.શેઠ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હાલ સમગ્ર અકસ્માત અંગે ઈજાગ્રસ્ત દ્વારા કાર ચાલક વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના જેલચોકમાં વર્લી મટકાનો જુગાર રમતા એક પકડાયો

મોરબી શહેરના જેલચોકમાં જાહેરમાં વર્લી મટકાના આંકડાનો નસીબ આધારિત રૂપિયાની હારજીતનો જુગાર રમતા રસુલભાઈ હશનભાઈ અબરામભાઈ સુમરા ઉવ.૪૫ રહે. વીસીપરા ચાર ગોડાઉન પાસે મૂળ રહે. બીલીયા તા.મોરબી વાળાને એ ડિવિઝન પોલીસે રંગેહાથ ઝડપી લીધો હતો. આ સાથે પોલીસે પકડાયેલ આરોપી પાસેથી વર્લી ફિચર્સના આકડાની જુગાર રમવાનું સાહિત્ય તથા રોકડા રૂ.૧,૧૦૦ સહિતનો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી વિરુદ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના ચરાડવા ગામે ટ્રાફિકમાં રોડ ક્રોસ કરવા બાબતે ટ્રક ચાલકને માર માર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના ચરાડવા ગામથી આગળ રોડ ઉપર ટ્રાફિકને કારણે કપાસ ભરેલ ટ્રકના ચાલકે પોતાનું વાહન ધીમું પાડતા, ત્યારે બાજુમાંથી ફૂલ સ્પીડે કારના ચાલકે પોતાની કાર હંકારી રોડ ક્રોસ કરવા બાબતે એકદમ ઉશ્કેરાઈ ટ્રકના ચાલકને ગાળો ભાંડી બેફામ માર મારવામાં આવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે હાલ ભોગ બનનાર દ્વારા હળવદ પોલીસ મથકમાં આરોપી કારના ચાલક સામે ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, હળવદમાં પંચમુખી ઢોરો નજીક રહેતા ૨૩ વર્ષીય દશરથભાઈ ઉર્ફે મુમાભાઈ અમરાભાઈ ગોલતર નામના ટ્રકના ડ્રાઈવર યુવકે હળવદ પોલીસ નાથકમાં આરોપી સદામભાઈ રહે. ચરાડવા તા.હળવદ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૨૧/૧૧ ના રોજ ફરીયાદી દશરથભાઈ ઉર્ફે મુમાભાઈ પોતાનો ટ્રક રજી. નં. જીજે-૦૯-એવી-૫૩૯૭ વાળીમા હળવદ માર્કેટ યાર્ડમાથી બીટી કપાસ ભરીને ટંકારા ખાલી કરવા જતા હતા ત્યારે ચરાડવા ગામથી આગળ નર્મદા કેનાલ પાસે ઠાકરધણી હોટલ સામે ટ્રાફિકમાં આરોપી સદામભાઈએ પોતાની કાર રોડ ક્રોસ કરવા બાબતે ફરીયાદીને ભુડાબોલી ગાળો આપતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીએ એકદમ ઉશ્કેરાઇ જઇને દશરથભાઈને ઢીકા પાટુનો માર મારી શરીરે મુઢ ઈજા પહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ હળવદ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરને મળ્યો સૌરાષ્ટ્રનો સૌથી લાંબો ફ્લાય ઓવર બ્રિજ







## જામનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રૂ.૨૨૬ કરોડથી વધુના ખર્ચે નિર્મિત સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ કર્યું

**મુખ્ય સમાચાર, જામનગર**
**અહેવાલ – મહેશ વાઘેલા**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જામનગર ખાતે રૂ. ૨૨૬.૯૯ કરોડના ખર્ચે નિર્મિત સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ કર્યું હતું.સાત રસ્તા સર્કલથી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા સુધીનો ફોરલેન એલીવેટેડ ફ્લાયઓવર બ્રિજની કુલ લંબાઈ ૪ એપ્રોચ સહિત ૩,૭૫૦ મીટર છે. મુખ્ય બ્રિજ ફોર લેન ૧૬.૫૦ મીટરનો છે, જ્યારે ઈન્દિરા માર્ગ તથા દ્વારકા રોડ એપ્રોચ ટુ લેન ૮.૪૦ મીટરના છે.આ ફ્લાયઓવરના કારણે જામનગરના નાગરિકોને દ્વારકા, જી.એસ.એફ.સી. તરફ તેમજ રાજકોટ રોડ તરફ સરળતાથી વાહનવ્યવહારની સુવિધા મળશે. આનાથી બ્રિજ નીચેના મુખ્ય ચાર જંકશન સાત રસ્તા સર્કલ, ગુરુદ્વારા જંકશન, નર્મદા સર્કલ તથા નાગનાથ જંકશન પર થતા ટ્રાફિક જામ અને અકસ્માત જેવા બનાવોમાંથી મોટી રાહત મળશે, પરિણામે ઇંધણ અને સમયની બચત થશે.વધુમાં, સુભાષ બ્રિજથી સાત રસ્તા સર્કલ થઈ લાલ બંગલા સર્કલ સુધીનો નવો રૂટ મળવાથી નાગનાથ જંકશન, ત્રણ દરવાજા (ગ્રેઈન માર્કેટ), બેડી ગેટ જેવા વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થશે. આ વિકાસકાર્યની સાથે જ બ્રિજ નીચેના અન્ડરસ્પેસને પણ નાગરિક સુવિધા માટે વિકસાવવામાં આવ્યો છે, જેમાં કુલ ૬૧ ગાળાઓમાં ૧,૨૦૦ થી વધુ વાહનોના પાર્કિંગની વ્યવસ્થા જેમાં ૮૫૦ ટુ-વ્હીલર્સ, ૨૫૦ ફોર-વ્હીલર્સ, ૧૦૦ રીક્ષા, ૧૦૦ અન્ય અને ૨૬ બસ પાર્કિંગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કુલ ૪ જગ્યાએ પે એન્ડ યુઝ ટોઈલેટ, ૧ લોકેશન પર શ્રમિક સુવિધા કેન્દ્ર (લેબર ચોક), ૧૦ ગાળામાં સ્પોર્ટ એક્ટિવિટી, ૪ લોકેશન પર વેઈટિંગ/સીટિંગની વ્યવસ્થા અને ૪ લોકેશન પર ફૂડ ઝોન જેવી સવલતો પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકાર્પિત કરાયેલો આ ફ્લાયઓવર જામનગરના નાગરિકોના જીવનમાં સરળતા અને સુગમતા લાવીને શહેરના વિકાસમાં એક નવો અધ્યાય ઉમેરશે.આ પ્રસંગે જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા, મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, જિલ્લા પંચાયત પ્રમુખ મયબેન ગરસર, મહાનગરપાલિકાના પ્રભારી મંત્રી પલ્લવીબેન ઠક્કર, ધારાસભ્ય સર્વ મેઘજીભાઈ ચાવડા, દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા કલેકટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની, નાખવા, આગેવાન સર્વ બીનાબેન કોઠારી. વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું જામનગર એરપોર્ટ ખાતે ઉષ્માભર્યું સ્વાગત






**મુખ્ય સમાચાર, જામનગર**

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ જામનગર જિલ્લાના રૂ. ૬૨૨.૫૨ કરોડથી વધુના ૬૭ કામોના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત માટે જામનગર એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીનું મહાનુભાવો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. એરપોર્ટ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના સ્વાગતમાં કેબિનેટ મંત્ર અને પ્રભારીમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા,મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, રાજ્યકક્ષાના મંત્રી રિવાબા જાડેજા, જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસર, ધારાસભ્યો દિવ્યેશભાઈ અકબરી અને મેઘજીભાઈ ચાવડા, અગ્રણીઓ ડો.વિનોદભાઈ ભંડેરી અને બીનાબેન કોઠારી, જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા પોલીસ વડા ડો.રવિમોહન સૈની, જિલ્લા વિકાસ અધિકારી.અંકિત પન્નુ, એરપોર્ટ ઓથોરિટીના ડાયરેક્ટર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના લક્ષ્મીનગર સહિત બે સ્થળે મોબાઈલ ટાવરમાંથી 30 હજારના કોપર કેબલની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના બે અલગ અલગ સ્થળે મોબાઇલ ટાવરનાં કેબલ કાપી અજાણ્યા શખ્સોએ લગભગ રૂ.૩૦,૦૦૦ના કોપર કેબલ ચોરી કર્યા અંગેની મોરબી તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા, પોલીસે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

મોરબી તાલુકામાં મોબાઇલ ટાવરમાંથી કોપર કેબલ ચોરીના બનાવોમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. ત્યારે ઇન્ડેઝ ટાવર્સ પ્રા. લિ.માં આર.એસ. સિક્યોરિટી હેઠળ સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતા રવિરાજસિંહ ઓમકારસિંહ જાડેજા ઉવ.૩૨ રહે.ગાયત્રીનગર, મોરબી વાળાએ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, ગત તા. ૨૨મી નવેમ્બરની રાત્રે પેટ્રોલિંગ દરમ્યાન તેમને ચોરીના બે બનાવોની જાણ થઈ હતી. જેમાં રાત્રે આશરે ૧ વાગ્યે કન્ટ્રોલ રૂમમાંથી ફોન મળતાં તેઓ માળીયા-કચ્છ હાઇવે નજીક ઓનેસ્ટ હોટેલ પાસે આવેલા ઇન્ડેઝ ટાવર -ID-1265241 પર પહોંચ્યા હતા, જ્યાં કેબલ કપાયેલો અને વેરવિખેર પડેલો હતો. ટેકનિશિયનની મદદથી રીપેરની કાર્યવાહી ચાલી રહી હતી તે દરમ્યાન બીજી સાઈટ લક્ષ્મીનગર ગામ નજીક રામદેવ હોટેલ પાસે આવેલા બીજો ટાવર -ID-1290851 પર પહોંચ્યા હતા, જ્યાં પણ કેબલ કાપી ચોરી કરાયો હોવાનો સામે આવ્યું હતું. આમ કુલ આશરે રૂ.૩૦ હજારના કોપર કેબલની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાતા પોલીસે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી શહેરમાં વધુ એક લૂટેરી દુલ્હનનો કિસ્સો પ્રકાશમાં આવ્યો, બે સામે પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના મહેન્દ્રનગર વિસ્તારમાં રહેતા પરિવારના દીકરાના લગ્ન અમદાવાદ ખાતે કરવામાં આવ્યા હતા, જે પેટે કુલ ૩ લાખ રૂપિયા વચેટીયાને આપવામાં આવ્યા હતા, લગ્નના ત્રીજા જ દિવસે ફ્રોડ દુલ્હન કેન્સરગ્રસ્ત પિતાજીનું મરણનું કહી જતી રહી હતી. હાલ સમગ્ર છેતરપીંડી મામલે લૂટેરી દુલ્હન તથા વચેટીયા સાથીદાર વિરુદ્ધ મોરબી શહેર પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મોરબી શહેરમાં લૂટેરી દુલ્હન દ્વારા છેતરપીંડીના વધતા બનાવોમાં વધુ એક ઘટના સામે આવી છે. જેમાં મહેન્દ્રનગર પ્રભુકૃપા રેસીડેન્સી, રોયલ પાર્ક વિસ્તારમાં રહેતા સુંદરજીભાઈ દેવજીભાઈ જશાપરાએ ઉવ.૫૫ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના દિકરા રાહુલ સાથે ૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ વચ્ચે દલાલની ભૂમિકામાં રહેલ આરોપી રાજુભાઈ તન્ના ઠક્કરની મદદથી અમદાવાદની રહેવાસી ચાંદનીના લગ્ન રજીસ્ટ્રાર કરાવવામાં આવ્યા હતા. આ પ્રક્રિયા દરમિયાન લગ્નના ખર્ચના બંને આરોપીઓએ કુલ રૂ.૩ લાખની રકમ લઈ લીધી હોય, લગ્ન બાદ ચાંદની ત્રણ દિવસ સુધી ફરીયાદીના ઘરે રહી હતી, ત્યારબાદ પોતાના કેન્સર ગ્રસ્ત પિતાનું મૃત્યુ થયાની ખોટી વાત કહી ઘરેથી નીકળી ગઈ હતી અને ત્યાર-બાદ પાછી આવી નહોતી. તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી રાજુભાઈએ ચાંદનીના અન્ય સ્થળે પણ લગ્ન કરાવી દીધાં હતાં. હાલ સમગ્ર વિશ્વાસઘાત અને છેતરપીંડીના બાબાવની ફરિયાદના આધારે મોરબી બી ડિવિઝન પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સહીતા કલમ ૩૧૬(૨), ૩૧૮(૪) અને ૫૪ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મકરસંક્રાંતિ પહેલાં મોરબી મહાનગરપાલિકા દ્વારા સ્ટોલ મંજુરી બાબતે જાહેર સુચના

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મકરસંક્રાંતિ તહેવારને અનુસંધાને પતંગ-દોરા સહિત તહેવારી વસ્તુઓની ખરીદી-વેચાણ સુગમ બને તે માટે મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરની નિર્ધારિત જગ્યાઓ પર સ્ટોલ મુકવાની મંજુરી આપવામાં આવશે. અરજી ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી સ્વીકારાશે. નિયમોનું પાલન ન કરનાર સામે કાર્યવાહી થશે.

આગામી મકરસંક્રાંતિ તહેવાર દરમિયાન શહેરમાં વધતા વેપારને ધ્યાને લઈને મોરબી મહાનગરપાલિકા દ્વારા નાગરિકો અને વેપારીઓને સ્ટોલ મૂકવાની સુવિધા નિયત સ્થળોએ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ માટે ઇચ્છુક અરજદારોને મહાનગરપાલિકા કચેરીમાં લેખિત અરજી સાથે માન્ય ઓળખપત્ર તથા જરૂરી વ્યવસાય લાઈસન્સ સહિતની માહિતી રજૂ કરવી પડશે. અરજીની યોગ્ય ચકાસણી બાદ મંજુરી આપવામાં આવશે તેમજ મંજુર થયેલ અરજદારે નક્કી કરેલ ફી ભર્યા બાદ મળેલી નકલ સ્ટોલ પર સ્પષ્ટ રીતે દર્શાવવી ફરજિયાત રહેશે. અરજીઓ ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી સ્વીકારવામાં આવશે. આ સાથે મહાનગરપાલિકાએ સ્પષ્ટ કર્યું છે કે મંજુરી વગર કોઈપણ સ્થળે વ્યાપાર કરવો દંડનીય રહેશે. સ્ટોલધારકોએ સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત તમામ શરતોનું કડક પાલન કરવાનું રહેશે, તેમજ જાહેર માર્ગો અને ટ્રાફિકમાં અવરોધ ઊભા કરનારની મંજુરી તાત્કાલિક રદ કરવામાં આવશે. મંજૂરી સંબંધિત તમામ અધિકારો મહાનગરપાલિકાને અબાધિત રહેશે, તેમ નાયબ કમિશનર (પ્રોજેક્ટ) દ્વારા જાહેર કરેલ યાદીમાં જણાવાયું છે.

# જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર લાખાબાવળ નજીક વધુ એક હિટ એન્ડ રનની ઘટનામાં વેપારી યુવાને જીવ ગુમાવ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર- ખંભાળિયા ધોરી માર્ગ પર ગઈકાલે વધુ એક 'હીટ એન્ડ રન'નો બનાવ બન્યો હતો, જેમાં એક બાઈક સવાર વેપારી યુવાનને અજ્ઞાત વાહનના ચાલકે ચગદી નાખતાં કમકમાટી ભર્યું મૃત્યુ નિપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર ની ભાગોળે ગોવર્ધન ગ્રીન્સ સોસાયટીમાં રહેતા અને વોટર સપ્લાય નો વ્યવસાય કરતા વનરાજસિંહ ભગવતસિંહ રાઠોડ નામના ૪૩ વર્ષના વેપારી ગઈકાલે પોતાનું જી.જે. ૧૦ ડી.એક્સ ૭૭૭૪ નંબરનું મોટર સાયકલ લઈને મોટી ખાવડી ગામ તરફ જઈ રહ્યા હતા.જે દરમિયાન લાખાબાવળ ગામના પાટીયા પાસે કોઈ અજાણ્યા ભારે વાહનના ચાલકે તેઓને હડફેટમાં લઈને ચગદી નાખ્યા હતા. જેઓનું માથું છૂંદાઈ ગયું હતું, અને ખોપડી ફાટી ગઈ હતી. ઉપરાંત શરીરમાં અનેક જગ્યાએ ફ્રેકચર સહિતની ઈજાઓ થવાના કારણે તેઓનું ઘટના સ્થળેજ કરુણ મૃત્યુ નીપજ્યું હતું. જયારે આજ્ઞાત વાહન ચાલક અકસ્માત સર્જીને ભાગી છૂટયો હતો.

આ અકસ્માતના બનાવ અંગે મૃતકના પુત્ર જયરાજસિંહ વનરાજ લસિંહ રાઠોડે સિક્કા પોલીસ મથકમાં અજાણ્યા વાહન ના ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા વાહનચાલકની શોધખોળ શરૂ કરાવાઈ છે, જ્યારે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# હળવદ બ્રહ્માકુમારી સેવાકેન્દ્ર દ્વારા શાંતિ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, હળવદ**
**અહેવાલ : રમેશ ઠાકોર**



બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા ચાલી રહેલા બિલિયન મિનિટ્સ ઓફ પીસ અપીલ પ્રોજેક્ટ (મહા શાંતિદાન) અંતર્ગત સમગ્ર ગુજરાત ઝોનમાં આજ રોજ રાજ્યભરમાં શાંતિ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અનુસંધાને હળવદ બ્રહ્માકુમારી સેવાકેન્દ્ર દ્વારા પણ શહેરમાં ભવ્ય શાંતિ પદયાત્રા યોજાઈ હતી.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં શાંતિનું મહત્વ સમજાવવું, તેમજ વિશ્વભરમાં વધી રહેલા અશાંતિ, અરાજકતા, તણાવ અને વ્યવહારનાં બોજ વચ્ચે શાંતિદાન (સકારાત્મક વિચારોનું ચિંતન) દ્વારા તન-મનને દુરસ્ત કરીને જીવનમાં નવી ઊર્જાનો સંચાર કરવાનો હતો.

બ્રહ્માકુમારીઓએ જણાવ્યું હતું કે, સુખ પહેલાં શાંતિ આવશ્યક છે અને શાંતિ માટે આત્મિક ચિંતન જ સાચો માર્ગ આપે છે. આ દિવ્ય સંદેશને સર્વસામાન્ય સુધી પહોંચાડવા માટે પદયાત્રા દરમિયાન શાંતિમય ગીતો સાથે આત્મા, પરમાત્મા અને પરમધામનો પરિચય આપવામાં આવ્યો હતો.

આ પદયાત્રામાં બ્રહ્માકુમારી સેવાકેન્દ્રની સંચાલિકા બહેન તેમજ તમામ સેવાધારકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગદાન આપ્યું હતું.

# માળીયા(મી)ના જુના ઘાટીલા ગામે દવા છાંટતી વેળા ઝેરી અસરથી યુવતીનું મોત

માળીયા(મી) તાલુકાના જુના ઘાંટીલા ગામની સીમમાં શાકભાજીમાં દવા છાંટતી વખતે દવાની અસર થતાં ૨૩ વર્ષીય યુવતીનું સારવાર દરમિયાન મોરબી સરકારી હોસ્પિટલમાં મોત થયું હતું. મૃત્યુના બનાવ અંગે પોલીસે મરણ નોંધ કરી છે. માળીયા(મી) તાલુકાના જુના ઘાટીલામાં હસમુખભાઈ વિડજાની વાડીએ રહેતા, મૂળ નિવાસ ઢિલવાણી તા. કુકસી, જી. ધાર (મધ્ય પ્રદેશ) વાળાના શ્રમિક પરિવારની દીકરી મૃતક અનુબેન દોઢીયાભાઈ પલાસીયા ઉવ.૨૩ ગત તા. ૧૮/૧૧/૨૦૨૫ના રોજ શાકભાજીમાં ઝેરી દવા છાંટતી હતી. દરમિયાન દવાની ઝેરી અસર થતા તેમની તબિયત બગડી હતી. ત્યારે પ્રાથમિક સારવાર માટે એમ્બ્યુલન્સ દ્વારા અનુબેનને જેતપર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ત્યારબાદ વધુ સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર કારગત ન નિવડતા તા.૨૨/૧૧ ના રોજ અનુબેનનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ માળીયા(મી) પોલીસે અ. મોતની નોંધ કરી છે.

## મોરબી ગાળા ગામ નજીક બિયરના એક ડઝન ટીન સાથે પરપ્રાંતિય બુટલેગર પકડાયો

મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મોરબી-માળીયા હાઈવે ઉપર ગાળા ગામના પાટીયા પાસે શંકાસ્પદ હાલતમાં ઉભેલા શખ્સને રોકી તેની તલાસી લેતા તેની પાસેથી કિંગફિશર સ્ટ્રોંગ બિયરના ૧૨ નંગ ટીન કિ.રૂ.૩,૧૬૮/- મળી આવ્યા હતા, જેથી તુરંત આરોપી સબુર જામસિંહ નિનામા ઉવ.૨૨ રહે. પેટલાદ ગામ જીલ્લો જાંબુઆ મધ્યપ્રદેશ વાળાની સ્થળ ઉપરથી અટક કરી હતી. આ સાથે પોલીસે પકડાયેલ આરોપી તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજાનો આજે જન્મદિવસ



જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજા આજે જન્મદિવસ છે જેઓ ૪૩માં વર્ષે મંગલ પ્રવેશ કર્યો છે જેઓ ભૂનાવા ગામના વતની છે હાલ જિલ્લા પંચાયતના સદસ્ય તરીકે પોતાના મતવિસ્તાર સેવા આપે છે ત્યારે ગોંડલ વિધાનસભાના, ભારતીય જનતા પાર્ટી ના પાયા ના પથ્થર ભૂણાવા ગામ નું ગૌરવ અને સાચા અર્થ માં નાના મોટા માણસ ના કાયમી પ્રશ્ન માટે ૧૦૮ ની જેમ સેવા કરતા ગોંડલ તાલુકા ના ગ્રામ્ય વિસ્તાર માં વિકાસ લક્ષી કામગીરીમાં મુખ્ય સહયોગ રહ્યો છે. જેઓની સેવા ને કારણે મોટું મિત્ર મંડળ ધરાવતા તેમજ તમામ સમાજ ને સાથે લઈને ચાલનાર સામાજિક-રાજકીય આગેવાન એવા સહદેવસિંહ જાડેજા ના જન્મદિવસની શુભેચ્છાઓ પઠાવતા રાજકોટ જિલ્લાના પ્રમુખ મહામંત્રીઓ, જિલ્લાના હોદેદારો, ધારાસભ્યઓ, સંસદસભ્યઓ, સમાજના મોભીઓ, સંતો મહંતો તેમજ રાજકીય સામાજિક આગેવાનો એ શુભેચ્છાઓ ( મો ન. ૭૦૫૫૫૫૧૧૧૧) ઉપર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે

# જામનગરમાં મુખ્યમંત્રીના આગમન પહેલા યુવક કોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકરનો બીએલઓ કામગીરીના મુદ્દે વિરોધ

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગરમાં મુખ્યમંત્રીના આગમન પહેલા જામનગરમાં યુવક કોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકરો રસ્તા પર ઉતરી બીએલઓ કામગીરીના મુદ્દે જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું. કાર્યકરોએ શરીર પર બેનરો પહેરી અનોખા અંદાજમાં દેખાવ કરી સરકાર સામે અસંતોષ વ્યક્ત કર્યો. વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં ન કરવા, બોર્ડ પરીક્ષાઓ નજીક હોવાથી શિક્ષકોને વર્ગખંડમાંથી દૂર ન કરવામાં આવે અને બીએલઓની ફરજમાંથી શિક્ષકોને તાત્કાલિક મુક્ત કરવામાં આવે એવી મુખ્ય માંગણીઓ સાથે એનએસયુઆઈએ રજુઆત કરી. તેમણે એવો આક્ષેપ કર્યો કે કામગીરીના વધતા ભારણ અને દબાણના કારણે શિક્ષકો શિક્ષણ કાર્યથી દૂર થઈ રહ્યા છે અને તાજેતરમાં બીએલઓ કામગીરીના બોજાથી આત્મહત્યા કરનાર શિક્ષકને સરકાર દ્વારા યોગ્ય વળતર આપવામાં આવે તે પણ જરૂરી છે. રસ્તા પર સુત્રો સાથે વિરોધઅને વ્યક્ત કર્યો. બાદમાં પોલીસે હસ્તક્ષેપ કરી લગભગ ૧૦ જેટલા કાર્યકરોને અટકાયત કરી હતી.

# મોરબીના રંગપર ગામે ફેક્ટરીમાં હાર્ટ એટેકથી શ્રમિકનું મોત

મોરબી તાલુકાના રંગપર ગામે સ્પેન્ટાગોન સિરામિક કારખાનાની લેબર કોલોનીમાં રહેતા શ્રમિકને હાર્ટ એટેક આવવાથી કુદરતી રીતે મોત થયું હતું. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોત દાખલ કરી છે. મોરબી તાલુકા પોલીસ સ્ટેશન હદમાં આવેલ રંગપર ગામની સીમમાં આવેલ સ્પેન્ટાગોન કારખાનાની લેબર કોલોનીમાં રહેતા મૂળ જગરનાથ છપરા તા. ભાટપાર રાની જી. દેવરીયા ઉત્તરપ્રદેશના વતની શશિભુવન સુખદેવ પટેલ ઉવ.૩૫ નામના શ્રમિકને તા. ૨૨/૧૧/૨૦૨૫ ના રોજ રાત્રે અચાનક હાર્ટ એટેક આવ્યો હતો. ત્યારે તેને સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલ ખસેડતા જ્યાં ફરજ ઉપર હાજર તબીબે જોઈ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા. મૃત્યુના બનાવને લઈને તાલુકા પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. ત્યારે પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# મોરબી નાની વાવડી ગામે સીડી પરથી પડી જતા ૫૪ વર્ષીય પ્રૌઢનું મોત

મોરબી તાલુકાના નાની વાવડી ગામે ૫૪વર્ષીય પ્રૌઢ પોતાના ઘરની સીડી પરથી અકસ્માતે પડી જતા તેમનું મૃત્યુ થયું હતું. ત્યારે આ મામલે પોલીસે મૃત્યુ અંગેની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે. મોરબી તાલુકા પોલીસ સ્ટેશન હદમાં આવેલ નાની વાવડી ગામે વણકરવાસમાં રહેતા બીજલભાઈ છગનભાઈ મકવાણા ઉવ.૫૪ ગઈકાલ તા.૨૩/૧૧ ના રોજ સવારે પોતાના ઘરમાં સીડી પરથી અકસ્માતે નીચે પડી ગયા હતા. નીચે પડતાં તેમના માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. જેથી બીપીનભાઈ વિજયભાઈ તેઓને તાત્કાલિક મોરબી સરકારી હોસ્પિટલમાં લઈ આવતા ડૉક્ટરે તપાસ કરી તેમને મૃત જાહેર કર્યા હતા. સમગ્ર ઘટના અંગે તાલુકા પોલીસે અ.મોતની એન્ટ્રી કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શહેરની ભાગોળે ઝૂંપડપટ્ટીમાં માતાજીના માંડવામાં ૬ પશુઓની બલી







**૯ જીવને બચાવી લેવાયા: ગ્રીનલેન્ડ ચોકડી અને આજીડેમ ચોકડી વચ્ચેના પીટીસી ગ્રાઉન્ડમાં થયું હતું માંડવાનું આયોજન: જીવદયા ફાઉન્ડેશનની ટીમનો પોલીસને સાથે રાખી મધરાતે દરોડો: ચૌહાણ પરિવારનો બાળક સતત માંદો રહેતો હોઇ તે સાજો થઇ જાય પછી પંદર પશુઓની બલી ચડાવવાની માનતા રખાઇ હતી: આયોજક સહિત ત્રણની શોધખોળ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ગ્રીનલેન્ડ ચોકડીથી આજીડેમ ચોકડી તરફના રસ્તે આવેલા પીટીસી ગ્રાઉન્ડમાં ઝુપડા બાંધીને રહેતાં પરિવારો દ્વારા માતાજીના માંડવામાં પશુ બલી ચડાવવામાં આવી રહી છે તેવી ચોક્કસ માહિતીને આધારે જીવરક્ષા ફાઉન્ડેશનની ટીમ પોલીસ કાફલા સાથે મધરાતે પહોંચી જતાં ૯ પશુની બલી ચડતી અટકાવી જીવ બચાવી લીધો હતો. જો કે આ પહેલા ૬ પશુની બલી ચડી ચુકી હતી. માતાજીના માંડવાના નામે બલી ચડાવનારા ત્રણ શખ્સો ભાગી ગયા હતાં. આ મામલે જીવદયા ફાઉન્ડેશન દ્વારા પોલીસ ફરિયાદની તજવીજ કરવામાં આવી છે. ઘટના સ્થળેથી બલી ચડાવી દેવાઇ હોઇ તેના પુરાવા રૂપે પશુ માંસ તથા જીવતા પશુ મળી આવ્યા હતાં.

જાણવા મળ્યા મુજબ શહેરના ગ્રીનલેન્ડ ચોકડીથી આજીડેમ ચોકડી વચ્ચે આવેલા પીટીસી ગ્રાઉન્ડ પાસે ચૌહાણ પરિવાર દ્વારા વિસત માતાજીના માંડવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માંડવામાં પશુની બલી ચડાવવામાં આવી રહ્યાની જીવદયા ફાઉન્ડેશનના કેતન સંઘવી સહિતને જાણ થઇ હતી. આથી તેણે તુરત જ પોતાની ટીમ એકઠી કરી હતી અને પોલીસને જાણ કરતાં પાંચ પીસીઆર અને અન્ય ૨૦ જેટલા પોલીસના સ્ટાફને સાથે રાખી માતાજીના માંડવાના સ્થળે રાતે ત્રણ વાગ્યે પહોંચી તપાસ કરતાં હકિકત સાચી ઠરી હતી. પોલીસ કાફલાને અને જીવદયાની ટીમને જોતાં જ માંડવાના આયોજકો સહિતના નાસી ગયા હતાં.

પોલીસ અને જીવદયા પ્રેમીઓની ટીમે તપાસ કરતાં અહિ માતાજીના માંડવાના નામે છ પશુની બલી ચડાવી દેવામાં આવી હોઇ તેના અવશેષો પુરાવા રૂપે કબ્જે કરવા તજવીજ કરી હતી. બાકીના ૯ પશુને પોલીસ અને જીવદયાની ટીમે બચાવી લીધા હતાં. જો દસ પંદર મીનીટ પછી ટીમો પહોંચી હોત તો આ ૯ પશુની પણ બલી ચડી ગઇ હોતો તેમ જીવદયા ટીમે કહ્યું હતું.


વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, ગ્રીનલેન્ડ ચોકડી પાસે ચૌહાણ પરિવાર દ્વારા માતાજીના માંડવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આયોજક તરીકે અરવિંદ ચૌહાણ, રાહુલ ચૌહાણ અને પરબત ચૌહાણ હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ આ માંડવામાં બલી ચડાવવા માટે કુલ ૧૫ પશુ લાવવામાં આવ્યા હતાં. જેમાંથી ૬ની બલી ચડી ચુકી હતી અને ૯ને બચાવી લેવાયા હતાં. આ મામલે પોલીસ ફરિયાદ દાખલ કરાવવા તજવીજ કરવામાં આવી હતી.

એવુ પણ જાણવા મળ્યું છે કે ચૌહાણ પરિવારનો એક પુત્ર સતત બીમાર રહેતો હોઇ તે સાજો થઇ જાય એટલે માતાજીના માંડવામાં પશુ બલી ચડાવવામાં આવશે તેવી માનતા પરિવારના કોઇ સદસ્યએ રાખી હતી. આ માનતા પુરી કરવા માટે પશુ બલી ચડાવાઇ હતી. એઆઇઅના યુગમાં પણ લોકો હજુ અંધશ્રધ્ધામાં રાચતાં હોય છે તે વાત અહિ પ્રતીત થઇ છે.

આ કાર્યવાહીમાં જીવરક્ષા ફાઉન્ડેશન ટ્રસ્ટના કેતન સંઘવી, નીલ મહેતા, રેખાબેન સાગરકા, હેતલ કોઠારી, વિશાલ ગાંધી, મનોજ રાઠોડ, મહાવીર જૈન, રાકેશ પટેલ, રાજ પટેલ, ભાવીન પટેલ સહિતના જોડાયા હતાં. પોલીસનો તેમને પુરતો સહકાર મળ્યો હતો તેમ જણાવાયું છે. આ મામલે ગુનો નોંધી પોલીસ આરોપીઓની શોધખોળ કરશે.

# ભગવતીપરા પાસે મહિલાનું મોઢું છુંદીને હત્યા: હત્યારાને શોધવા પોલીસની કવાયત

**શનિવારે સાંજે પતિને પાણીપુરી ખાવા જાવ છું કહીં નીકળેલી મહિલાની ઘરથી દોઢ કિમી દૂર વાડી વિસ્તારમાથી લોહીથી લથબથ લાશ મળતાં ચકચાર: કાન, આંખ અને માથાના ભાગે તીક્ષ્ણ હથીયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દિધી હોવાનું તબીબોનું પ્રાથમિક તારણ: પતિ, પૂર્વ પતિ સહિતના શકમંદની પૂછતાછ: ૩૬ કલાક બાદ પણ મર્ડર મિસ્ટ્રી અનડિટેક્ટ**





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં થયેલ મહિલાની હત્યાના આરોપી સુધી પહોંચવામાં પોલીસ હજું સુધી અસફળ રહી છે. પોલીસ માટે ચેલેન્જીંગ બનાવ સસ્પેન્સથી ભરપૂર છે. શનિવારે સાંજે ૦૭૩૦ વાગ્યે પતિને પાણીપુરી ખાવા જાવ છું કહીં નીકળેલી મહિલાની ઘરથી દોઢ કિમી દૂર વાડી વિસ્તારમાથી લોહીથી લથબથ લાશ મળતાં ચકચાર મચી ગઈ હતી.

કાન, આંખ અને માથાના ભાગે તીક્ષ્ણ હથીયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દિધી હોવાનું સામે આવ્યું છે.પોલીસ કમિશ્નર, ડિસીપી ક્રાઈમ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયાં હતાં અને ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, બી. ડિવિઝન પોલીસની ટીમોએ તપાસ આદરી હતી.

બનાવ અંગે કોઠારીયા રોડ પર હુડકો ક્વાર્ટરમાં રહેતાં અમીતભાઈ પ્રવીણભાઈ બાવરીયા (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યાં શખ્સનું નામ આપતાં બી. ડિવિઝન પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, હાલ તે તેના સસરા વિજયભાઈ વારડેના મનહર પ્લોટ ખાતે આવેલ પ્રીન્ટીંગ (ડાય પંચીંગ) ના કારખાનામાં રીક્ષાના ફેરા કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના પરિવારમાં પિતા પ્રવીણભાઈ છે જે હાલ જૂના મોરબી રોડ ખાતે કારખાનામાં મજૂરીકામ કરે છે. માતા અલ્કાબેન અને ત્રણ બહેનો છે. જેમાં સૌથી મોટા બહેન જયાબેન મકવાણા, તેનાથી નાના બહેન સ્નેહાબેન ઉર્ફે સેવુ હિતેષભાઈ આસોડીયા હતાં. જેઓના લગ્ન આશરે ત્રણેક વર્ષ પહેલા હિતેષભાઈ આસોડીયા સાથે થયેલ હતા. ત્યારથી બહેન સ્નેહાબેન તથા બનેવી હિતેષભાઈ બન્ને ભગવતીપરામાં કોપર ગ્રીન સીટી, બ્લોક નં-૧૬, ખાતે તેઓના પોતાના ઘરના મકાનમાં રહે છે. બહેનને સંતાનમાં બે વર્ષનો એક દિકરો શીવાંશ છે.

તેમજ બનેવી હિતેષભાઈ ગ્રીનલેન્ડ ચોકડીથી આગળ લોખંડની ચોરસી બનાવવાનુ કારખાનુ ધરાવે છે. ફરીયાદીનાં બહેનના બીજા લગ્ન છે, અગાઉ તેમના લગ્ન કોઠારીયા રોડ પરના તેમના ઘરની શેરીમા રહેતા દિપકભાઈ ગુજરાતી (ખાંટ) સાથે તેર વર્ષ પહેલા પ્રેમ લગ્ન થયેલ હતા. લગ્નના એકાદ વર્ષ બાદ છુટાછેડા થયેલ હતા. ત્યારબાદથી બહેન તેમની સાથે રહેતી હતી.

ગઈ તા.૨૨ ના તે તેમની પત્ની અવની સાથે કોઠારીયા રોડ પર આવેલ ડી-માર્ટમા ખરીદી કરવા માટે ગયેલ હતા તે દરમ્યાન તેમના બહેન અવનીનો ફોન આવેલ કે, સેવુ તારે ત્યા આવી છે ? હિતેષનો ફોન આવ્યો હતો. જેથી યુવાને કહેલ કે, હું હાલ મોલમા છુ ઘરે જઈને વાત કરૂ, બાદમા ઘરે જતા માતાથી જાણવા મળેલ કે, બહેન સેવુ ઘરેથી સાંજના સાડા સાતેક વાગ્યાની આસપાસ પાણીપુરી ખાવા માટે જવાનુ કહી નીકળેલ છે, પરંતુ હજુ સુધી ઘરે પહોંચેલ નથી.

જેથી રાત્રીના દશ વાગ્યાની આસપાસ તે તેના પત્ની સાથે બહેનના કોપરગ્રીન ખાતેના ઘરે આવવા માટે નીકળેલ ત્યારે બનેવીને ફોન કરેલ અને તેમની સાથે વાત કરતા તેઓએ જણાવેલ કે, તારી બહેન ઘરેથી પાણીપુરી ખાવા નીકળુ છુ, તેમ કહી સાંજથી નીકળેલ છે અને તેણીનો મોબાઇલ ફોન પણ ઘરે રાખીને ગયેલ છે. હજી સુધી ઘરે પહોંચેલ નથી. તેણીએ કહ્યુ હતુ કે, તમે આપણા દિકરાને તેડતા આવજો અને આવતી વખતે મને પણ તેડી જજો. હાલ હુ શીવાંશને મૂકવા મારા પપ્પાના ઘરે જાવુ છુ અને થોડીવારમાં ત્યા પહોંચુ છું.

જે બાદ તેઓ બહેનના ઘરે પહોંચેલ અને થોડા સમયમા બનેવી પણ ત્યા પહોંચી ગયેલ. થોડો સમય ઘરે બનેવી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ બહેનને શોધવા આજુબાજુ માટે નીકળેલ તેમજ અલગ-અલગ સી.સી.ટી.વી. ફૂટેજ તપાસેલ જેમા બહેન લાલ કલરના કૂર્તા તેમજ કાળા કલરની લેગીસમા જતી દેખાય છે. જે આધારે બાદમા ભગવતીપરા તેમજ આસપાસના તમામ વિસ્તારોમાં આશરે દોઢેક વાગ્યા સુધી તેણીને શોધેલ, પરંતુ બહેન ક્યાય મળી આવેલ નહી. જેથી રાત્રે બે અઢી વાગ્યાના અરસામા અમો અમારા બનેવીના ઘરેથી છૂટા પડેલ. જે બાદ તેઓ ઘરે જતા રહેલ હતા.

## કાલાવડ રોડ અવધના ઢાળીયા પાસે બાંધકામ સાઈટ પર શ્રમિકો વચ્ચે મારામારી

**૧૫થી વધુ મજૂર સામે સરકારી મિલકતમાં નુકશાન અને ફરજ રૂકાવટનો ગુનો નોંધાયો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યુનિવર્સિટી પોલીસ મથકમાં નોકરી કરતા ૧૧૨ ના ઇન્ચાર્જ કોન્સ્ટેબલ ઉમેશ બાલાસરાએ આરોપી તરીકે બસંત માજી, દિનેશ પરમાર, દીપક નાપર, ઠાકુર, નુરકો, જલધર, તેમજ બીજા અજાણ્યા ૧૦થી ૧૫ લોકના ટોળા સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેઓ આલાપ ચોકમાં પોઈન્ટ ઉપર હોય ત્યારે માનસિગભાઈ નામના વ્યક્તિનો કોલ આવેલ અને જણાવેલ કે, કાલાવડ રોડ અવધના ઢાળીયા પાસે ડેકોરા હિલ્સ નજીક ઝૂંપડામાં રહેતા તેના પડોશી ઝગડો કરે છે. જેથી ઉમેશભાઈ અને ૧૧૨ ના ડ્રાઈવર રવિ બંને સ્થળ પર પહોંચ્યા હતા.

અહીં જોતા ૧૦ થી ૧૫ લોકોનું ટોળું અંદરો અંદર ઝઘડો કરતું હોવ જેથી ઉમેશભાઈ ટોળા પાસે જઈને ઝપડો ન કરવા સમજાવ્યું હતું અને કોલ કરનાર માનસિગને ટોળામાંથી બહાર કાઢી પોલીસ વાન પાસે લઈ જઈ રહ્યા હોય ત્યારે કેટલાક શખસો ડ્રાઈવર રવિ સાથે બોલાચાલી કરવા લાગેલા અને સરકારી ગાડીની ઘેરી લીધી હતી. જેથી ઉમેશભાઈ ડ્રાઈવરને વાનમાં બેસીને મદદ માટે બીજા પોલીસ સ્ટાફને બોલાવવા કહ્યું બાજે જવા દેવા નથી તેમ કહીને પલાસ તેવામાં કેટલાક લોકોએ ‘‘આ પોલીસને વાનમાં પથ્થર મારતા પાછળની લાઈટ તૂટી ગઈ હતી.

બનાવ અંગે કંટ્રોલમાં જાણ થતા જ ક્રાઈમ બ્રાન્ચ, યુનિવર્સિટી તેમજ ભક્તિનગર અને માલવિયાનગર પોલીસ મથકની ૧૧૨ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસ સ્ટાફે તમામ આરોપીઓની અટકાયત કરી પોલીસ મથકે લઈ જવામાં આવ્યો હતો. આ ઘટનામાં ૧૧૨ વાનમાં રૂપિયા ૩૦૦૦નું નુકશાન થવા પામ્યું હતું. જેથી પોલીસે આરોપીઓ સામે સરકારી મિલકતમાં નુકશાન અને ફરજ રૂકાવટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બેડી ચોકડી પાસે રૂ.૫.૩૭ લાખના એમડી સાથે બે શખ્સોને દબોચી લેતી એસઓજીની ટીમ

**બેડી ચોકડી પાસે રહેણાંક મકાનમાં દરોડો: અલ્પેશ ઉર્ફે ભુરો રમેશભાઇ તન્ના અને સફી ગુલામભાઇ પિંજારા ઝડપાયા**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ નાર્કોટિક્સ સેલે શહેરને નશામુક્ત કરવાના 'SAY NO TO DRUGS' મિશન અંતર્ગત એક મોટી સફળતા હાંસલ કરી છે. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા સહિતના વરિષ્ઠ અધિકારીઓના કડક આદેશ બાદ, એસઓજી ટીમે કાર્યવાહી કરીને બે શખ્સને માદક પદાર્થ મેફેડ્રોન (એમડી)ના જથ્થા સાથે પકડી પાડ્યા છે.

એસઓજી શાખાના હેડકોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ગોહીલ અને પોલીસ કોન્સ્ટેબલ હાર્દીકસિંહ પરમારની સંયુક્ત બાતમીના આધારે, રાજકોટ શહેરના સ્વસ્તીક વિલા સોસાયટી, બેડી ચોકડી પાસે એક રહેણાંક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરોડામાં અલ્પેશ ઉર્ફે ભુરો રમેશભાઇ તન્ના (ઉંમર ૩૨, રહે.



રાજકોટ) અને સફી ગુલામભાઇ પિંજારા (ઉંમર ૨૦, રહે. ગોધરા) નામના બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. તેમની પાસેથી કુલ ૧૭૯.૨૪ ગ્રામ મેફેડ્રોન માદક પદાર્થ મળી આવ્યો હતો, જેની બજાર કિંમત રૂપિયા ૫,૩૭,૭૨૦ આંકવામાં આવી છે. આ ઉપરાંત પોલીસે ત્રણ ટચ સ્ક્રીન મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫,૦૦૦, એક વજન કાંટો કિંમત રૂ. ૫૦૦, અને રોકડા રૂ.૮૦૦ સહિત કુલ રૂપિયા ૫,૫૪,૦૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટની કલમો ૮(સી), ૨૧(બી) અને ૨૯ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આરોપી અલ્પેશ ઉર્ફે ભુરો તન્ના વિરુદ્ધ અગાઉ પણ રાજકોટ અને ખેડામાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુના નોંધાયેલા છે, જ્યારે સફી પિંજારા વિરુદ્ધ પ્રોહિબિશન અને પશુ પત્યે ઘાતકીપણાના ગુના નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા તથા નાયબ પોલીસ કમિશ્નર ક્રાઈમ જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર ભરત બી. બસીયાની સૂચના અનુસાર આ સમગ્ર કામગીરી પોલીસ ઈન્સપેક્ટર એસ.એમ.જાડેજા તથા પો.સબ.ઈન્સ. વી.વી.ધ્રાંગુ તથા પો.હેડ.કોન્સ. મૌલિકભાઈ સાવલીયા તથા દિગ્વિજયસિંહ ગોહિલ તથા તથા પો.કોન્સ. હાર્દિકસિંહ પરમાર તથા યોગેન્દ્રસિંહ ઝાલા તથા નરપતસિંહ જાડેજા તથા દિવ્યરાજસિંહ રેહવર તથા મહીલા પો.કો. મોનાબેન બુસાએ કરી છે. પદાર્થનું પ્રાથમીક પરીક્ષણ કરી એફ.એસ.એલ. અધિકારી સમીર જોષીએ અભિપ્રાય આપ્યો હતો.

# વિંછીયા અને ધોરાજીમાંથી કોપર વાયર ચોરી કરતી બેલડી ઝડપાઇ

**રૂરલ એલસીબીની ટીમે વાયર, વાહનો મળી રૂ. ૯.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ટોળકીના વધુ ચાર તસ્કરોની શોધખોળ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ધોરાજી અને વિંછીયા પંથકમાં એલ્યુમિનિયમ અને કોપર વાયર ચોરીને અંજામ આપતી આંતર જિલ્લા ગેંગને રૂરલ એલસીબી ટીમે દબોચી લઇ અલગ અલગ ચાર ચોરીનો ભેદ ઉકેલ્યો હતો. પોલીસે એલ્યુમિનિયમ વાયર, બે વાહનો મળી કુલ રૂ. ૯.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા ચોરીના વણશોધાયેલા ગુનાઓ શોધી કાઢી આરોપીઓને પકડી પાડવા સૂચના આપવામાં આવી હતી છે. જે સૂચના અનુસંધાને રાજકોટ રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરાના રાહબરીમાં પીએસઆઇ એચ સી ગોહિલની ટીમ વણશોધાયેલા ચોરીના ગુના શોધી કાઢવા વિછીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી.

દરમિયાન હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ બાવળિયા, વાઘાભાઈ આલ, પ્રણયભાઈ સાવરીયા અને



કોન્સ્ટેબલ મેહુલભાઈ સોનરાજને હ્યુમન સોર્સમાથી મળેલી બાતમીના આધારે વિછીયાના મોટા માત્રા ગામ નજીકથી દેવરાજ ઉર્ફે નાનો અશોક ઠક્કર (રહે.અંજાર, ગાંધીધામ, કચ્છ) અને હીરા ઉર્ફે પરસોત્તમ બાબુ વડેચા (રહે અંજાર, ગાંધીધામ,કચ્છ)ને ચોરીથી મેળવેલ ૨૩૬૦ કિલોગ્રામ એલ્યુમિનિયમ વાયર જેની કિંમત રૂ.૪,૩૮,૯૬૦ ઉપરાંત બે અલગ અલગ વાહનો જેમાં વાહન લઇ હેરફેર કરતા મળી આવતા કુલ રૂ. ૯,૫૦,૧૬૦ ના મુદ્દામાલ સાથે પકડી બંને શખ્શોની સઘન પૂછપરછ શરૂ કરવામાં આવી હતી.

પૂછપરછ દરમિયાન બંને તસ્કરોએ કેફિયત આપતા જણાવ્યું હતું કે, તેમણે રાજકોટ ગ્રામ્ય જિલ્લાના વિંછીયા અને ધોરાજી પંથકમાં ચાર એલ્યુમિનિયમ અને કોપર વાયર ચોરીને અંજામ આપ્યો છે. જેથી બંને પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલ અલગ અલગ ચાર ચોરીના ગુનાનો એલસીબીની ટીમે ભેદ ઉકેલ્યો હતો. વધુમાં ચોરીના ગુનામાં સંડોવાયેલ લાલા ગોરધનભાઈ ભોજયા (રહે. મોટા ભડલા, સાયલા, સુરેન્દ્રનગર), રૂડા ભચ્છુ ઠાકોર (હળવદ, મોરબી), દિનેશ ઠાકોર(રહે. અંજાર, ગાંધીધામ, કચ્છ) અને અજય ધનજી કોળી (રહે. અંજાર, ગાંધીધામ, કચ્છ)નું નામ ખુલતા પોલીસે તસ્કર ટોળકીના ચારેય સભ્યોની શોધખોળ શરૂ કરી હતી. ઉલ્લેખનીય છે કે, તસ્કર ટોળકીના સૂત્રધાર લાલા ભોજયા વિરુદ્ધ કચ્છમાં ચોરી સહિતના સાત ગુના નોંધાઈ ચુક્યાનું પોલીસની તપાસમાં સામે આવ્યું છે.

# જેતપુરમાં બીએલઓની ફરજમાં રૂકાવટ કરનાર શખ્સ પકડાયો

**નાજાવાળા પરા વિસ્તારમાં ઘરે આવેલા બીએલઓ સાથે અસભ્ય વર્તન કરતા પોલીસ ફરિયાદ આધારે ધરપકડ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મતદાર યાદી સુધારણા અંતર્ગત જેતપુરમાં બીએલઓની ફરજમાં રૂકાવટ ઉભી કરનાર શખ્સ સામે ફરીયાદ થતા જ પોલીસે ગણતરીની મીનીટોમાં આ શખ્સને નશો કરેલી હાલતમાં ઉઠાવી લઈ નશો ઉતારી નાખ્યો હતો. જેતપુરના નાજાપુર વાળા પરા વિસ્તારમાં ઘરે ઘરે મતદાર યાદી સુધારણાના ફોર્મ ભરવાની કામગીરી બજાવતા બીએલઓને અશ્વિન ભાખોતરા નામના શખ્સે નશો કરેલી હાલતમાં અસભ્ય વર્તન કરતા બીએલઓએ તુરત જ જેતપુર પોલીસને જાણ કરી ફરીયાદ નોંધાવતા



પોલીસે તુરત જ અશ્વિન ઉર્ફે પપ્પી વલ્લભભાઈ ભાખોતરાને ઝડપી લેતા નશો કરેલી હાલતમાં મળી આવતા લોકઅપમાં ધકેલી નશો ઉતારી નાખ્યો હતો. ઝડપાયેલ અશ્વિન ભાખોતરા વિરૂધ્ધ અગાઉ જેતપુર પો.સ્ટે.માં ૭ જેટલા પ્રોહી. ગુના નોંધાયા છે વધુ એક ફરજ રૂકાવટના ગુનાનો ઉમેરો થયો છે. આ કામગીરી પીઆઈ એ.ડી. પરમાર સહિતના સ્ટાફે કરી હતી.

# ભાડે લીધેલી કારને બેલડીએ કાચ તોડયા બાદ સળગાવી દીધી

**જન્મદિવસની પાર્ટીના મનદુ:ખની માથાકૂટમાં મોંઘીદાટ કારને આગ લગાડયાની ફરિયાદ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડી વિસ્તારમાં મોડીરાત્રે ઘર પાસે રાખેલી ભાડાની મોંઘીદાટ કારમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી અને જોતજોતામાં કાર આગમાં ખાખ થઈ ગઈ હતી. ફાયર બ્રિગેડનો સ્ટાફ ત્યાં પહોંચે તે પહેલા જ સ્થાનિકોએ આગ બુઝાવી નાખી હતી.

જોકે, આગ કયા કારણોથી લાગી અને કેટલું નુકશાન થયું તે હજુ જાણવા મળ્યું નથી. પરિવારજનોનો આક્ષેપ છે કે ભાડે લીધેલી વરના કાર ઘર પાસે રાખી હતી. શુક્રવારે ૨ શખસે આવી કારના કાચ ફોડી ગયા હતા અને બાદમાં શનિવારે રાત્રે આ કાર આગમાં ખાખ થઈ ગઈ, જેથી આ આગ જાણીજોઈને કોઈએ લગાવી હોવાનો આક્ષેપ છે.

મવડી મેઈન રોડ ઉપર શાક માર્કેટ આગળ ખીજડાવાળા ચોક પાસે ચામુંડાનગર શેરી નંબર ૧માં રહેતા જ્યોત્સનાબેન રાઠોડે ઘરની બાજુમાં ત્રાઉં ૦૬ ખઉ ૯૯૧૭નંબરની ફોર-વ્હીલર કાર પાર્ક કરલી હતી. શનિવારે મોડીરાત્રે કારમાં આગ ભભૂકી ઉઠતા ફરિયાદી જ્યોત્સનાબેન સહિતના જાગી ગયા હતા અને ઘરમાંથી બહાર નીકળ્યા હતા. જોકે જોતજોતામાં પૂરી કાર સળગી ઉઠી હતી. જે અંગે મવડી ફાયર બ્રિગેડ વિભાગને કોલ કરવામાં આવતા રાત્રે ૨.૪૬ એ એક ફાયર ફાઈટર સાથે સ્ટાફ ત્યાં પહોંચી ગયો હતો. જોકે ત્યાં સુધીમાં સ્થાનિકોએ આગ બુઝાવી નાખી હતી.

કારમાં આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી. આ દરમિયાન પોલીસની ૧૧૨ જનરક્ષક પણ ત્યાં પહોંચી ગઈ હતી. આગને કારણે કારમાં કેટલું નુકસાન થયું તે પણ હજુ જાણવા મળ્યું નથી. જાણી જોઈને કોઈએ આગ લગાવ્યાનો પરિવારજનોનો આક્ષેપ છે કે, શુક્રવારે બે શખસ કારના કાચ તોડી નાસી ગયા હતા. બહારગામ જવા માટે જેમની પાસેથી કાર ભાડે લીધેલી હતી, તેમની સાથે બંને શખસને વાંધો હોવાથી તેમણે કાચ ફોડી નાખ્યા હતાં. શનિવારે રાત્રે અમે સૂતા હતા, ત્યારે અચાનક કારમાં આગ લાગી હતી અને કાર આગમાં ખાખ થઈ. માત્ર ખોખું જ રહ્યુ છે, જેથી કોઈએ આગ લગાવી છે. આ અંગે માલવિયાનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**|| ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ ||**



**સ્વ. શ્રી પ્રભાબેન દિપકભાઈ સોલંકી**
**સ્વ. તા. ૨૨-૧૧-૨૦૨૫, શનિવાર**

દિપકભાઈ ટપુભાઈ સોલંકી
મોહનભાઈ ટપુભાઈ સોલંકી
કિશોરભાઈ ટપુભાઈ સોલંકી.
ચેતનભાઈ દિપકભાઈ સોલંકી
બકુલભાઈ મોહનભાઈ સોલંકી
મુકેશભાઈ મોહનભાઈ સોલંકી
સુનિલભાઈ અમૃતભાઈ સોલંકી
કેતનભાઇ કિશોરભાઈ સોલંકી
ધર્મેશ કિશોરભાઈ સોલંકી